Registration of News Paper No. GUJGUJ/2013/48361 - Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/-
1st of Every Month - Langauge : GUJARATI

# સહજ-સત્સંગ

Year : 1 Issue : 3 Dt. 1-4-2013 Page - 52 માસિક

SAHAJ SATSANG (MONTHLY) Editor : MANSINH K. CHAVDA, Publisher : KAMLESH C. MANDAVIA, Printer : LALIT H. UPADHYAYA Owner : MA SRI ARVIND SADHANA TRUST, Place of Publication : SAHAJ SATSANG KARYALAYA "ARPAN" 259, VRUNDAVAN. OPP. NYARI FILTER PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005. GUJARAT. Printed At LA MERE PRINTERY "ARPAN" 259, VRUNDAVAN, OPP. NYARI FILTAR PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005 GUJARAT



સપ્તર્ષિ



# મા મીરાંબિકા

Change yourself
and the circumstances will change

- The Mother

## સાચો ફેરફાર

ભાવાનુવાદ

પોતામાં ફેરફારો, અનુરૂપ થતાં રહે,
તો સંજોગો પણ પલટશે, એ નિશ્ચિત સત્ય બને.
સંજોગો અને સત્ય ને, ફેરફારો અનુસરતા રહે,
ચેતનાનો વિકાસ સાધે, ને દિવ્યતા ત્યાં વધુ ઠરે.
આત્મ-સ્વરૂપ બની રહે, સત્ય અભિવ્યક્તિ ક્ષણેક્ષણે,
એ જ સાચો ફેરફાર છે, અન્ય ફેરફારોથી શું વળે ?

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૯ સપ્ટેમ્બર ૧૯૧૪- પૃ.૧૮૦)



જગત બે વિરોધી શક્તિઓની અંદર વહેંચાઈ ગયું છે..... એ બન્ને શક્તિઓ એક સરખી રીતે તારા નિયમની વિરુદ્ધમાં બેઠેલી છે..... મૃત્યુ જેવી સ્થિરતા કે આંધળો વિનાશ એ બેમાંથી એકેને તારી સંમતિ નથી. તું તો તારું સ્વરૂપ એક અખંડ, ગતિમાન અને પ્રકાશમય રૂપાંતરની રીતે જ પ્રગટ કરે છે.

કેટલીકવાર અમે અધીર બનીને આ આવિર્ભાવનાં સાધનો એકદમ જાણી લેવા ઈચ્છીએ છીએ. પરંતુ એ અધિરાઈ નકામી છે અને એને કશો જવાબ મળતો નથી, કારણ કે જે ક્ષણે જ્ઞાનની જરૂર ઊભી થશે, કર્મની ઘડી જ્યારે આવી પહોંચશે; ત્યારે જ્ઞાન આવી જ મળશે.

એ રીતે ચિત્તને અમે આરામમાં મૂકી દીધું છે. અને સાક્ષાત્કાર સાધતી સંકલ્પશક્તિને સ્વસ્થ અને પ્રબળ રાખી છે અને તારા તરફથી આવનાર સંકેતની રાહ જોતાં અમે બેઠાં છીએ.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સ્વસ્થ એકાગ્ર આંતરિક સંકલ્પબળ) | ૩ | **વેદ-રહસ્ય** (ઉષાનું સ્વરૂપ ) | ૨૭ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (માંદગી કેવી રીતે નિવારશો ?) | ૩૨ |
| **દિવ્યજીવન** (ભૌતિકવાદ) | ૭ | **સાંજના વાર્તાલાપો** (પ્રાણમય ગતિઓ ) | ૩૪ |
| **માતૃવાણી** (પ્રભુનું કાર્ય કરવાની પદ્ધતિ) | ૯ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (ધાર્મિકતા અને તર્ક-શક્તિની મર્યાદાઓ (૪૨-૪૩)) | ૩૮ |
| **સાવિત્રી** (પ્રકાશમય-મનનું અવતરણ)) | ૧૨ | **આત્મસિદ્ધિ** (સમગ્ર જીવનનું રૂપાંતર) | ૪૦ |
| **યોગ વિષે પત્રો** (યોગશક્તિનું કાર્ય ) | ૧૫ | **જાતકથાઓ** (લાલચે જીવ લીધો ) | ૪૨ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પ્રાચીન યોગીઓનો યોગ વિષે દૃષ્ટિકોણ) | ૧૮ | **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા ) | ૪૩ |
| **ઉપનિષદો** (આત્મસાક્ષાત્કાર) | ૨૨ | **શ્રી માતાજી આગમનદિન - દર્શનદિન** | ૪૫ |
| **યોગ પર દીપ્તિઓ** (ચેતનાનાં સ્તરો અને વિભાગો) | ૨૫ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૩ વર્ષ : ૧**
**એપ્રિલ - ૨૦૧૩**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫



તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**



**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચુકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# સ્વસ્થ આંતરિક એકાગ્ર સંકલ્પબળ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

જગતમાં દરેક વસ્તુની બે ગતિ દેખાય છે. તે વસ્તુ પ્રગતિ વગર છે. છે ત્યાં જ જીવન જીવે છે. આને માતાજી કહે છે મૃત્યુની સ્થિરતા. તે વસ્તુ સ્થિર છે પણ તે ચેતનાની સ્થિરતા નથી સ્થગિતતા છે. મૃત્યુ સમયે વસ્તુમાંની ચેતના બાહ્ય સપાટી ઉપરથી ઊંડે ઊતરી જાય તો તે વસ્તુ પ્રગતિ કરતા અટકી પડે છે. આમ, એક તો વસ્તુઓ પ્રગતિ વગરની, જડતામાં, અચેતનામાં છે ત્યાં જ પડી છે.

બીજી વસ્તુઓ પોતામાં ક્ષણેક્ષણે બદલ કરતી જાય છે, પણ તે કયા હેતુથી તે ફેરફાર કરે છે, તેની તેને કોઈ કલ્પના નથી. પોતાના આવેગોને અનુસરીને તે વસ્તુમાં ફેરફાર થઈ રહ્યો છે. દરેક વસ્તુ જન્મે છે, વધે છે, નબળી પડે છે અને નાશ પામે છે. પણ આમાં સાચો વિકાસ, ચેતનાનો વિકાસ હોતો જ નથી. માતાજી આને વિનાશ તરફની આંધળી ગતિ અર્થાત્ આંધળો વિનાશ કહે છે.

પણ પ્રભુનો નિયમ છે ચેતનાના નિરંતર વિકાસનો વધારે ને વધારે પૂર્ણ, શુદ્ધ, વિશાળ ચેતના તરફનો વિકાસનો. આ જે પ્રભુનો ચેતનાના વિકાસનો નિયમ છે તેની વિરુદ્ધ ઉપરના બન્ને નિયમો છે. મૃત્યુની સ્થિરતા કે આંધળો વિનાશ આ બેમાંથી એકે પ્રભુના ચેતનાના વિકાસના સિદ્ધાંતને અનુકૂળ નથી. બન્ને વિસંવાદી અને વિરુદ્ધ છે.

પ્રભુ તો પોતાનું સ્વરૂપ એક અખંડ, ગતિમાન, પ્રકાશમય રૂપાંતરની રીતે જ પ્રગટ કરે છે. તેને ચેતનાના નિરંતર, વિકાશશીલ, પ્રકાશમય એક ચેતનામાંથી બીજી વધારે દિવ્ય-ચેતનામાં જન્મ લેવાનો જ વિકાસ માન્ય છે.

પણ માનવી-સ્વભાવ અધૂરો છે. તેને બધી જ વસ્તુઓ ઝટ અને એકીવખતે જાણી લેવાની તીવ્ર ઈંતેજારી છે. પણ પ્રભુનું આયોજન તે મુજબનું નથી, તે તો ધીમે ધીમે ક્રમશઃ વિકસતી ઉત્ક્રાંતિમાં જરૂરી જ્ઞાન યોગ્ય સમયે આપવામાં જ માને છે.

દરેકને તેની જરૂરિયાત વખતે તેને જરૂરી જ્ઞાન અને સમજણ આપવામાં

(અનુ.પૃ.૨૧ ઉપર)

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

**દિવ્ય માનવજાતિના આગમનની તૈયારી કરી આપી :**

આપણાં મનુષ્યોનાં સઘળાં કાર્યો મનની શક્તિથી થઈ રહ્યાં છે, એ આપણે જાણીએ છીએ. મન અત્યારે આપણો રાજા છે. તેના હુકમ પ્રમાણે આપણી પ્રાણશક્તિ અને શરીર કાર્ય કરે છે. પણ મન એ તો અજ્ઞાનથી ભરેલું છે. એ પોતે જ ભેદને આધીન છે. આથી એના દ્વારા થતાં કાર્યો અપૂર્ણ હોય છે. અત્યારે આપણાં કાર્ય કરવાનાં જે ત્રણ કરણો છે- મન, પ્રાણ અને શરીર, આ ત્રણેય નિમ્ન પ્રકૃતિને આધીન છે, તેથી અજ્ઞાન, ભેદ, દ્વન્દ્વ, ઈચ્છાઓ, લાલસા અને શારીરિક દુઃખો, કષ્ટો, આપણે સહેવાં જ પડે. આથી શ્રી અરવિન્દે પ્રકૃતિને દિવ્ય બનાવવાની, મનમાં પ્રભુની પૂર્ણ એવી શક્તિ ઉતારી, મનને જ્યોર્તિમય બનાવવાની, પ્રાણમાં એ અતિમનસ શક્તિને સક્રિય કરી પ્રાણને પ્રભુની સીધી સંકલ્પશક્તિરૂપ બનાવી દેવાની અને શરીરના એક-એક કોષમાં પ્રભુની એ પરમશક્તિને ઉતારીને એ કોષો દિવ્યશક્તિથી જ કાર્ય કરતા બને, એ સાધના આરંભી. એટલે કે મનુષ્યનાં આ ત્રણેય કરણો, મન, પ્રાણ અને શરીર, અત્યારે જે અજ્ઞાનમય, ભેદવાળી મનની શક્તિથી કાર્ય કરતાં હોય છે તેને બદલે પ્રભુની દિવ્ય-શક્તિથી કાર્ય કરતા બને એ માટેની સાધના કરી. પરંતુ દેહની ભૂમિકા પર આ શક્તિ સીધેસીધી ઊતરીને કાર્ય કરતી થાય, તે માટે ઘણો લાંબો સમય લાગે. આથી શ્રી અરવિન્દે પોતાનો દેહનો આધાર આપીને આ શક્તિને સમગ્ર જડતત્ત્વમાં સક્રિય કરવાનું નક્કી કર્યું કે જેથી દેહનું દિવ્ય-રૂપાંતર ઝડપી બને. એમણે ૧૯૪૯ના આરંભમાં શ્રી માતાજીને કહ્યું, ''આપણા કાર્યને ઝડપી બનાવવા માટે આપણામાંના એકે જવું જ જોઈએ.'' ત્યારે શ્રી માતાજીએ કહ્યું, ''હું જઈશ, મને મારો દેહ મૂકી દેવાની ઈચ્છા થાય છે.'' ત્યારે શ્રી અરવિન્દે કહ્યું ; ''ના, તમારે જવાનું નથી. હું જઈશ, તમે કાર્ય ચાલુ રાખજો.'' શ્રી અરવિન્દે શ્રી માતાજીને કાર્ય ચાલુ રાખવાનો આદેશ આપ્યો. ઉપરાંત એમ પણ

કહ્યું કે ''એકલાં તમે જ આ ભૌતિક કાર્ય કરી શકશો. તમારે અહીં જ રહેવાનું છે. તમારું શરીર રૂપાંતરના કાર્ય માટે અનિવાર્ય છે. એ શરીર વગર રૂપાંતર સિદ્ધ થશે નહીં.'' આમ, શ્રી અરવિન્દે શ્રી માતાજીને શરીરમાં રહીને શરીરની ભૂમિકા ઉપર અતિમનસ-શક્તિને ઉતારવાના કાર્યની જવાબદારી સોંપી દીધી. શ્રી માતાજીને માટે તો શ્રી અરવિન્દનો આદેશ એ જ એમનું જીવન હતું. આથી પોતાની દેહ છોડવાની ઇચ્છા હોવા છતાં તેઓ દેહમાં રહ્યાં અને દેહને દિવ્ય બનાવવાની સાધના આરંભી. આપણે જાણીએ છીએ કે ૧૯૫૦ની ૫મી ડિસેમ્બરે શ્રી અરવિન્દે જ્યારે દેહ છોડી દીધો ત્યારે તેમના દેહમાં એ અતિમનસ- પ્રકાશ ઊતરી આવ્યો. એ પ્રકાશ પૂરા પાંચ દિવસ સુધી એ દેહમાં રહ્યો અને ધીમે ધીમે પૃથ્વીની ચેતનામાં ભળી ગયો. જ્યાં સુધી એ પ્રકાશ હતો ત્યાં સુધી એ દેહમાં મૃત્યુનું કોઇ ચિહ્ન જણાયું ન હતું. છેક નવમી ડિસેમ્બરે એ પ્રકાશ વિલીન થયો. પછી એ દેહને સમાધિ આપવામાં આવી. ત્યાર પછી શ્રી માતાજીએ દેહને દિવ્ય બનાવવાની અત્યાર સુધી પૃથ્વી ઉપર ક્યારેય નહીં થયેલી એવી સાધના આરંભી તેથી મૃત્યુમુક્ત જીવનની શક્યતા બની આવી.

**શું મૃત્યુમુક્ત જીવન હોઇ શકે ખરું?**

અત્યારે તો આપણે મૃત્યુમુક્ત જીવનની કલ્પના પણ કરી શકતાં નથી. પણ જેમ પથ્થરો અને ખડકોથી ભરેલી પૃથ્વીમાં વનસ્પતિ અને પ્રાણીઓની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય, ને છતાં એ જીવસૃષ્ટિ આવી. પછી વિકાસ પામતાં પામતાં પ્રાણીઓ આવ્યાં. તે વખતે પણ આવા સુંદર દેહધારી, મનની વિશિષ્ટ શક્તિ ધરાવતા મનુષ્યોની કલ્પના પણ કોઈએ નહીં કરી હોય, છતાં મનુષ્યજાતિ આવી. એ જ રીતે સ્વેચ્છાએ કોષોનું સંગઠન કરી દિવ્યદેહ ધારણ કરતા અને એ જ રીતે કોષોનું વિઘટન કરી એનું સ્વેચ્છાએ વિસર્જન કરતા પ્રભુના તેજોમય અંશ એવા આમાંના દિવ્યદેહની કલ્પના પણ અત્યારે આપણે કરી શકતા નથી. પણ ઉત્ક્રાંતિના નિયમ પ્રમાણે જે હજારો વર્ષ પછી આવવાની શક્યતા હતી, એ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની સાધનાથી હવે ઝડપી બનશે. પણ અત્યારે ચમત્કારની જેમ એ શક્યતા કંઈ રાતોરાત બની આવશે નહીં, કેમ કે એ માટે શરીરના ગુણધર્મો બદલવા જોઈએ. અત્યારનું માનવ-શરીર તમસ, જડતા અને અચેતનાથી ભરેલું છે, ટેવોનું ગુલામ છે; આ બધું દૂર

કરીને તે પૂરેપૂરું દિવ્ય બને, તો જ દેહની સમસ્યાઓ હલ થઈ શકે. આ તો ઘણી લાંબી પ્રક્રિયા છે. એ કંઈ રાતો રાત ચમત્કારની જેમ બની આવતી પ્રક્રિયા નથી કે કોઈ ઔષધિ કે જડીબુટ્ટી પણ નથી કે જે લેવાથી દેહ અમર બની જાય ! સમજો થાય તો પણ એવો મનુષ્ય ભારે દુઃખી બની જાય. તેને માટે એવી અમરતા શાપ બની જાય, કેમ કે મન, પ્રાણ શુદ્ધ થયાં ન હોય, એ વિકૃત હોય, વૃદ્ધ અને જર્જરિત દેહમાં ભોગો ભોગવી શકાતા ન હોય; તો એ અમરતામાં તો શાશ્વત કાળ સુધી નર્યું દુઃખ જ ભોગવવાનું રહે.

આથી પ્રથમ તો મન, પ્રાણ અને દેહને પૂરેપૂરાં દિવ્ય બનાવવાનાં છે. જ્યારે આ નિમ્નપ્રકૃતિ પૂરેપૂરી દિવ્યતા ધારણ કરી લે, ત્યારે અમરતા આપોઆપ પ્રાપ્ત થશે. શ્રી માતાજીએ આ સંદર્ભમાં કહ્યું હતું કે 'અમરત્વ એ લક્ષ્ય નથી, તેમ એ સાધના પણ નથી. તે સત્યરૂપ જીવન જીવવાની વાસ્તવિકતામાંથી કુદરતી રીતે જ પ્રભવ પામશે.'' એટલે કે મનુષ્ય જ્યારે સત્યરૂપ ભગવાનમાં જ જીવન ધારણ કરતો હશે. એવા જીવનને મૃત્યુ નહીં હોય. પ્રશ્ન એ મૃત્યુનો કે અમરતાનો નથી. પ્રશ્ન છે, પરમાત્માની પૂર્ણ ચેતનામાં જીવવાનો. ત્યાં સુધી તો મૃત્યુનાં દ્વારમાંથી પસાર થવાનું જ રહેશે. પણ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની સાધનાને પરિણામે હવે ભાવિમાં મૃત્યુમુક્ત જીવનની શક્યતા બની આવી છે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૪૧ ઉપરથી)

## આત્મસિદ્ધિ

આપણા હૃદયમાં સતત અનુભવાતો રહેવો જરૂરી છે. ભક્તિભાવથી અર્પણ કરેલ નજીવી વસ્તુ પણ પ્રભુને પ્યારી અને મૂલ્યવાન બની જાય છે. (પત્રં પુષ્પં ફલં તોયં યો મદ્‌ભક્ત્યા પ્રયચ્છતિ - ગીતા) આ અર્પણમાં આપણા વિચારો, ભાવનાઓ, સંકલ્પો, કર્મો બધું જ આવી જાય છે.

આવા દિવ્ય-જીવનમાં અનિર્વચનીય પરમ-પ્રભુ સિવાય જીવનમાં કોઈ રસ જ નથી રહેતો એવું નથી. વિજ્ઞાન, કલા, સાહિત્ય દ્વારા પણ આજ રસ વહેતો થઈ શકે છે. તે બધાં જ પ્રભુની અભિવ્યક્તિનાં સાધન બની જાય છે. તેમાં પણ આધ્યાત્મિક શક્તિ પોતાનું નવસર્જન કરી શકે છે, તે વિષયોને ઘણી ઊંચી કક્ષાએ તે લઈ જાય છે.

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## ભૌતિકવાદ

પ્રકરણ - ૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પૃથ્વી ઉપર દિવ્ય-જીવનમાં આવિર્ભાવની શક્યતા ત્યારે જ છે જ્યારે આપણે એમ સ્વીકારીએ કે પરમ-ચેતના જ વિવિધ અંશોમાં વિભાજીત થઈને આ ભૌતિક દેહને પોતાના રહેઠાણ તરીકે - 'પુરમ્' તરીકે ધારણ કરે છે અને આ ભૌતિક શરીર દિવ્ય-જીવનનો પોતાની મારફત આવિર્ભાવ કરી શકે છે. પરમ-ચેતનાનો ભૌતિક આવિર્ભાવ જ અંતે દિવ્ય-જીવન તરીકે પૃથ્વી ઉપર પાંગરે છે.

આ શરીરને 'પુરમ્' કહ્યું છે તે આત્માનું રહેઠાણ છે. આત્મા શરીરમાં રહીને તેનું સંચાલન કરે છે. તે શરીરનો 'ઈશ' અર્થાત્ માલિક છે તેથી તેને પુર + ઈશ = પુરુષ કરે છે. પુરુષ એટલે શરીર ધારણ કરેલો આત્મા. પુરુષ એટલે ભૌતિકકક્ષાએ પોતાનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરતો આત્મા. આ તેના પ્રયત્ન જ 'પુરુષાર્થ' કહેવાય છે. પૃથ્વી ઉપર પોતાનો દિવ્ય-આવિર્ભાવ કરવો એટલે જ દિવ્ય-જીવન. આ દિવ્ય-જીવનને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવું એ જ 'પુરુષાર્થ' છે.

ઉપનિષદો તો એ ભૂમિકાની વાત કરે છે કે આત્મા અને ભૌતિક શરીર જુદાં નથી. જેમ કરોળિયો (લુતા) પોતાની લાળમાંથી જ પોતાનું રહેઠાણ અર્થાત્ જાળું નિર્માણ કરે છે તેમ આત્મા પણ પોતાની જ આત્મશક્તિથી આ ભૌતિકદેહરૂપી પોતાનું રહેઠાણ સર્જે છે. આ શરીર તો ઈશોપનિષદની ભાષામાં 'ઈશાવાસ્ય' છે. અર્થાત્ આત્મારૂપી 'ઈશ'ને રહેવા માટેનું રહેઠાણ

છે તેને માટે તે યોગ્ય છે અર્થાત્ વસવાટ કરવાને લાયક છે, 'વાસ્ય' છે. અને તે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં વિકાસ પામી રહ્યું છે, તેથી અધૂરું અને અયોગ્ય લાગશે. પણ તેમાં પૂર્ણ રીતે યોગ્ય થવાની ક્ષમતા છે અને કાલાંતરે તે રીતે તે વિકાસ પામશે એ પણ નિશ્ચિત ઘટના છે. પ્રશ્ન ફક્ત સમયનો છે.

તૈતરીય ઉપનિષદમાં શ્વેતકેતુ પોતાના પિતા વરુણઋષિ પાસેથી બ્રહ્મવિદ્યા શીખે છે અને તેમનાં માર્ગદર્શન નીચે પ્રથમ સાક્ષાત્કાર કરે છે કે ''અન્નં બ્રહ્મેતિ વિજાનિયાત્'' - અન્ન અર્થાત્ અન્નથી પોષાતા આ દેહનો પણ બ્રહ્મ તરીકેનો અનુભવ લે. આ દેહ પણ ઘનીભૂત પરમ ચેતના છે એવું અનુભવવું અને સાથે સાથે આપણું શરીર એ વૈશ્વિક પાર્થિવ તત્ત્વનો જ અંશ છે, જુદું નથી એમ અનુભવવું એ જ ''અન્નં-બ્રહ્મ''નો સાક્ષાત્કાર છે.

બ્રહ્માંડમાં ફક્ત પરમ-ચેતનાનું જ અસ્તિત્વ માન્ય કરીને આ નિસર્ગને ભ્રમ તરીકે ખપાવવી અથવા આ ભૌતિક પદાર્થને જ સત્ય માની તેની દ્વારા પ્રકટ થતી ચેતનાને આ ભૌતિક પદાર્થ ઉપર આવેલા આથા તરીકે ખપાવવી આવી અંતિમ ભૂમિકાઓ સ્વીકારવાથી આપણે એક 'dead-end' ઉપર આવી ઊભા રહીએ છીએ, પરમ-ચેતનાને પાર્થિવ-તત્ત્વથી તદ્દન ભિન્ન અને પરસ્પર વિરોધી માનવા અને જીવનમાં તેના સંયોગને દુર્ભાગ્ય માનવું એટલે આ ભૌતિક જીવનને શ્રાપ માની તેમાંથી વહેલામાં વહેલી તકે ભાગી છૂટવાનો પ્રયત્ન કરવા જેવું છે. આ જીવન અભિમુખ પ્રયત્ન નથી પણ જીવનમાંથી ભાગી છૂટવાનો પ્રયત્ન છે.

સાંખ્યવાદ પરમ-ચેતના અને આ પ્રપંચ (જગત)ને એકબીજાથી તદ્દન જુદા ગણવાની ભૂલ કરે છે. તેની દૃષ્ટિએ આમતત્ત્વ પુરુષ નિષ્ક્રિય અને સાક્ષીસ્વરૂપ છે અને પ્રકૃતિ અર્થાત્ નિસર્ગ સક્રિય અને અચેતન છે. લોહચુંબકના પ્રભાવ નીચે જેમ નિર્જીવ જડ સોય સક્રિય બને, તેમ પ્રકૃતિ સક્રિય બનતી લાગે છે એટલું જ. આ બંનેના જીવનમાંના સંયોગને જુદો પાડવો એ જ મુક્તિ, એ જ પુરુષાર્થ અને એ જ પરમ સત્ય છે. આને જ ''કૈવલ્ય'' કહેવામાં આવે છે કારણ ત્યાં ફક્ત કેવલ પુરુષ જ રહે છે. પ્રકૃતિ જુદી પડી જાય છે. આ જ મોક્ષ છે. પુરુષ અને પ્રકૃતિના સંબંધનો અંત એટલે જ મોક્ષ.

ભૌતિકવાદીઓ સાંખ્યવાદ કરતા વિરુદ્ધની ભૂમિકા લે છે. તે પાર્થિવ તત્ત્વને જ સત્ય માને છે.ચેતનાને નકારે છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

## પ્રભુનું કાર્ય કરવાની પદ્ધતિ

**(માતૃવાણી ભા.-૨, પૃ.૨૪૧-૨૪૬)**

પ્રકરણ - ૨૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રશ્ન : શબ્દમાં ચેતનાશક્તિ કેવી રીતે પ્રગટ કરવી ?

ઉત્તર : આપણે દિવસ દરમિયાન ઘણા અર્થહીન શબ્દો બોલતા હોઈએ છીએ. આ દૂષણ બધા જાણે છે, પણ નિવારતું કોઇ નથી.

ઘણી વખત તમારા વિચારને અભિવ્યક્ત કરતા શબ્દોની પસંદગી ખોટી થવાથી પણ શબ્દો અર્થહીન, બિનઉપયોગી બની જાય છે.

શબ્દોમાં પોતાની શક્તિ છે, ઊર્જા છે. તેનો ઉપયોગ લોકોનું મંગળ કરવામાં ન કરીએ તો પણ તે શબ્દો નિરર્થક બની જાય છે.

આ બધા જ પ્રકારના અર્થહીન શબ્દો વાપરવાની ભૂલ સુધારવાનો એક જ ઉપાય છે - કોઇ વખત અસ્પષ્ટ, બિન-ચોક્કસાઇની મનોવસ્થામાં બોલવાનું ટાળો. મૌન સેવો. પોતાના વિચારોને સ્પષ્ટ થવા દો. તેની અભિવ્યક્તિમાં ચોક્કસાઇ વાપરો, યોગ્ય અને ઓછામાં ઓછા શબ્દો વાપરો.

શબ્દની શક્તિ ત્રણ જુદાજુદા સ્રોતોમાંથી આવે છે. તે પૈકી બે સ્રોતો શબ્દના પોતાના છે. ત્રીજો સ્રોત બોલનારાના સ્વરૂપમાંનો છે. ત્રણ સ્રોતોને સક્રિય રીતે જોડી દેવામાં જ શબ્દોની પૂર્ણ-શક્તિ પ્રગટ થાય છે. તે ત્રણ સ્રોત નીચે મુજબના છે :

૧ કેટલાક શબ્દોની વિચારનાં આંદોલનો નિર્માણ કરવાની ક્ષમતા અને તેમને ભૌતિક-સ્તરે સંવાદમય રીતે પ્રગટ કરવાની ક્ષમતા એકદમ સરખી જ હોય છે. દા.ત. બધી ભાષામાં દેખાતા અમુક સહજ ઉદ્‌ગારો. દા.ત. ઓ..... અરેરે.....

૨ એવા શબ્દો નિશ્ચિત સંજોગોમાં જ વપરાય છે. તેનો બહોળો ઉપયોગ થાય છે. તેની દ્વારા પ્રગટ થતી માનસિક-શક્તિ ખૂબ ધારદાર હોય છે. તે ચાર્જ કરેલા બેટરી જેવા હોય છે. દા.ત. 'હું તને પ્રેમ કરું છું.'

૩ જે જીવંત શબ્દો છે, બોલનારનું સમગ્ર ચારિત્ર્ય-બળ અને અનુભવનો તે નીચોડ હોય છે. દા.ત. ૐ, બેટા શ્રદ્ધા રાખ, મારા આશીર્વાદ, મારા પ્રભુ વગેરે.

ૐ નો ઉપયોગ તો ભારતીયો પોતાની રોજિંદી યોગિક સાધનામાં કરે છે. ૐ એ પ્રભુનું જીવંત નામ છે. તે તરત શાંતિ, નિર્મળતા, શાશ્વતીનો ભાવ રચે છે. તેના જેવો બીજો શબ્દ મળવો મુશ્કેલ છે.

અમુક શબ્દો ભાર આપવાથી, લંબાવવાથી, શબ્દ બોલ્યા પછી થોડી પળ મૌન રહેવાથી તેની જીવંત શક્તિમાં ખૂબ જ વધારો થઈ જાય છે. મંત્રાત્મક શબ્દો તેવા છે. દા.ત. ઓમ નમો ભગવતે... શ્રી કૃષ્ણ શરણં મમ્..... તારું શુભમંગળ થાઓ (સ્વસ્તિરસ્તુ) (ભદ્રમસ્તુ) આ દ્વારા વરદાનો અપાતાં.

સદા મંગળભાવ વ્યક્ત કરો એ જ શબ્દોમાં ચેતના પ્રગટાવશે.

**૨૪ જૂન ૧૯૧૨**

પ્રશ્ન : વધુમાં વધુ પ્રચાર કરવા લાયક વિચાર ક્યો ? તે માટે કયું કાર્ય કરવું ?

ઉત્તર : આ પ્રશ્નનો જવાબ બે જુદા જુદા સંદર્ભોનુસાર આપી શકીએ:

(૧) આખી પૃથ્વીને લક્ષમાં લઈને (૨) હાલના સામાજિક વાતાવરણને ધ્યાનમાં લઈને.

૧ માણસ માત્રની અંદર પૂર્ણજ્ઞાન, પૂર્ણશક્તિ, પૂર્ણપ્રજ્ઞા વસેલી છે. તેને બહાર જીવનમાં અને કર્મમાં પ્રગટ કરવી હોય તો તમારે

આંતરિક-એકાગ્રતા ધારણ કરીને તમારા સ્વરૂપની ગહેરાઈમાં ઉતરવું પડશે, ત્યાં તમને તેમનો અખૂટ પ્રકાશ મળશે. તે તમને આંતરપ્રેરણાથી માર્ગદર્શન આપી મદદ કરશે.

૨ બધાં જ સ્વરૂપોના હ્દયમાં - તેમના કેન્દ્રમાં, પ્રભુની હાજરી રૂપે સર્વ દિવ્ય-ગુણોની જનની બેસેલી છે. મા આદ્યાશક્તિ બેઠેલી છે. તેને અનુભવશો તો જીવન અને કર્મો દ્વારા પોતાની મેળે એકતા, પ્રેમ, મંગળભાવ પ્રગટ થવા માંડશે, જે તમારા હેતુને મદદરૂપ થશે.

તમને જો પોતાના જ જીવનનો જીવંત દાખલો બેસાડવો હોય તો તમારામાં નિર્મળ શુદ્ધિ અને અવિચળ સુખરૂપી શાંતિ ક્ષણે ક્ષણે મૌનમાં રહી પ્રગટ કરતા શીખવું પડશે. સારાંશ, 'બધું જ પરમેશ્વર સ્વરૂપ છે' આ અનુભૂતિ તમે પૂર્ણરીતે જીવી બતાડવાની રહેશે. અભ્યાસથી આ વસ્તુ તમારી સ્વભાવગત અવસ્થા બની શકે છે.

અત્યારના વાતાવરણમાં કાર્ય કરતી વખતે આવી અવસ્થામાંથી કાર્ય કરજો.

સાચી ઉન્નતિ જેમાં માનવ આંતરિક રીતે આત્યંતિક સુખ ભોગવતો થાય છે તે, પ્રગતિ બાહ્ય-સાધનો, ભૌતિક-સુધારા, સામાજિક-પરિવર્તનથી પ્રાપ્ત થતી નથી. તે માટે તો તેણે ગહન આંતરિક પૂર્ણતા પ્રાપ્ત કરવી પડશે. તેમાંથી નિર્માણ થતી શક્તિ અને અસર જ બધી વસ્તુઓનું રૂપાંતર કરી આપશે. વેદના અને દુઃખો ચિરંજીવી સંતોષમાં પલટાઈ જશે.

એટલે સારામાં સારો દાખલો એટલે પોતાની જાતની પરિપૂર્ણતા. તે માટે તમે અહંપ્રધાન વ્યક્તિત્વને નિર્લેપતા, અસંગતા દ્વારા જીતવું પડશે (અસંગ શસ્ત્રેણ દૃઢેન છિત્વા - ગીતા)

આજે જ્યારે પોતાની અસંખ્ય સુખની સગવડ માટે લોકો ધન-દૌલત પ્રત્યે ઉન્માદથી દોટ મૂકી રહ્યાં છે ત્યારે ધન પ્રત્યે ઉદાસીન રહી, તદ્દન નિસ્વાર્થભાવે, પોતાના દિવ્ય-આદર્શ માટે જે નિરંતર નિર્લેપભાવે કર્મો કરે છે, તેવી વ્યક્તિ જ આનું જીવંત ઉદાહરણ બની રહેશે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રકાશમય-મનનું અવતરણ

પ્રકરણ-૧૬

(Savitri B-1, C-4, P-55)

A Voice ill-heard shall speak, the soul obey,
A power into mind's inner chamber steal.
A charm and sweetness open life's closed doors
And beauty conquer the resisting world.
The truth-light capture Nature by surprise,
A stealth of God compel the heart to bliss
And earth grow unexpectedly divine.

આવી ઘનઘોર તમસની રાત્રીમાં પોતાની મર્યાદા અને નબળાઈઓ જાણી નમ્ર થયેલી ભૌતિક-ચેતના હવે પોતે જ રચેલા પેલા રૌરવ-નરકમાંથી છટકવા જાણે અત્યાર સુધી ન સંભળાતા અથવા સાંભળવા છતાં ન ગણકારેલા અવાજને હવે સાંભળશે !

બીજો તરણોપાય ન રહેવાથી તે ચેતના એને (soul) અનુસરશે અને તેથી સ્વીકૃતિ મળતા જ મનનાં આંતરિક કપ્પાઓમાં પેલી દિવ્યશક્તિ હળવેકથી પ્રવેશ મેળવશે. જીવનનાં આશાકિરણનાં ભીડાઈ ગયેલા દરવાજાને આનંદ અને મધુરતાનો સ્પર્શ મળતા જ તે ખુલશે અને જીવન જીવવા જેવું સુંદર લાગવાથી જીવનમાં સુંદરતા પ્રવેશશે અને તે વિપરીત પરિસ્થિતિથી સંઘર્ષ કરતા જીવનને વિજય અપાવશે. અચાનક અસીમતાની અનુભૂતિ સ્વરૂપ સત્યનો પ્રકાશ (truth-light) માનવના સમગ્ર સ્વરૂપને ઘેરી વળશે. વ્યકિતગત ચેતના સમગ્ર

બ્રહ્માંડમાં ફેલાયેલી, પથરાયેલી અનુભવાશે તેને કારણે માનવી-પ્રકૃતિનો પોતાના જડ-સંસ્કારો અનુસાર જ ઘરેડમાં જીવવાનો આગ્રહ ભાંગી પડશે. એ માનવી-પ્રકૃતિ ઉપરનો એક વિજય લેખાશે. માનવી-પ્રકૃતિને પણ આ જુદા જ પ્રકારના અનુભવથી આશ્ચર્ય લાગશે.

પ્રભુએ ગુપચુપ અસીમ ચેતનાની અનુભૂતિ સ્વરૂપે જે પ્રવેશ મેળવ્યો છે તેથી પ્રકૃતિને પોતાને પણ આનંદ અનુભવાશે અને આ માનવીના પાર્થિવ તત્ત્વને પોતે દિવ્યતત્ત્વ જ છે તેની પ્રથમ ખાતરી મળશે.

આ બધી અનુભૂતિઓ એટલી તો અનપેક્ષિત હશે કે તેમાં પાર્થિવ-તત્ત્વ દિવ્ય અને પ્રકાશમય થતું સાધક અનુભવશે. પ્રકાશમય મન જાણે પાર્થિવ-સ્તરે ઊતરી આવ્યું હોય એનું સાધકને જણાયા વગર નહિ રહે.

In Matter shall be lit the spirit's glow.
In body and body kindled the sacred birth;
Night shall awake to the anthem of the stars.
The days become a happy pilgrim march,
Our will a force of the Eternal's power.
And thought the rays of a spiritual sun.

પ્રકાશમય મનના પાર્થિવ-તત્ત્વમાંના અવતરણને કારણે પાર્થિવતત્ત્વમાં પણ ચેતનાનો આંતરપ્રકાશ (glow) છવાયેલો સાધક અંદર એકાગ્ર થતા જ અનુભવી શકશે. આ પ્રકારનું આંતરપ્રકાશિત પાર્થિવ-તત્ત્વ એટલે એક રીતે દિવ્ય-દેહ રચવાના શ્રીગણેશ જ ગણાશે તેથી આ ભૌતિક શરીરમાં જ (In body) દિવ્ય-શરીર બંધાઈ રહ્યું છે એમ લાગશે અથવા આ ભૌતિક શરીર જ રૂપાંતર પામી દિવ્ય-શરીર બની રહ્યું છે એમ લાગશે.(body kindled) એકંદરે નવો દિવ્ય-જન્મ થવાની જ આ પ્રક્રિયા પુરવાર થવાની છે. (sacred birth) જેમજેમ આ પ્રક્રિયા આગળ વધશે તેમ તેમ આ પરિવર્તન અવચેતન અને અચેતન મનને પણ સ્પર્શશે (Night) અને તે પણ આ રૂપાંતરની પ્રક્રિયાના વૈશ્વિક ગીતમાં, પ્રભુનાં ગાનમાં, વેદોની ભાષામાં કહીએ તો ઉદ્‌ગાનમાં (anthem) જોડાશે. શ્રી અરવિંદ અહીં anthem શબ્દ હેતુપૂર્વક વાપરે છે. આપણું ભૌતિક શરીર એટલે ખરેખર એક અસંખ્ય શારીરિક કોષોનું એક

મહાએકમ હોય છે જેને રાષ્ટ્ર કહી શકાય. જેમ રાષ્ટ્રગીતમાં રાષ્ટ્રનાં બધાં જ નાગરિકો સાચા દિલથી જોડાઈ જાય છે તેમ અહીં દરેક કોષ આ પ્રકાશાવતરણના આનંદપર્વમાં, નાતાલની ઉજવણીમાં જોડાઈ જાય છે. આ શરીર પછી એક ભોગવાદી પ્રાણી ન રહેતા તે ખ્રિશ્ચમસ-ટ્રી, સર્વિસ ટ્રી બની જાય છે, તે પ્રભુને સમર્પિત કરણ બની જાય છે. શ્રી અરવિંદ ચેતનાના મંદ સૌમ્ય આહ્‌લાદદાયક આંતર-પ્રકાશને દર્શાવવા આ પ્રક્રિયાને સિતારાઓનું રાષ્ટ્રગીત ગણાવે છે. (anthem of the stars.) માતાજીને આવી અનુભૂતિ આવી ત્યારે તેમના બધા જ કોષો રંગબેરંગી આંતરપ્રકાશિત બિંદુઓ જેવા સિતારા જેવા દેખાતા હતા એવું વર્ણન સાધનાની નોંધપોથીમાં તેમણે કરેલ છે.

હવે દરેક દિવસ આધ્યાત્મિક અને સાધનાલક્ષી પ્રગતિનો દિવસ બની જાય છે, રોજ અવનવી અનુભૂતિઓ, રોજ અવનવા સાક્ષાત્કારો (happy pilgrim march,) હવે વ્યકિતગત ઈચ્છા, આકાંક્ષા રહેતી નથી પણ આપણી સંકલ્પશક્તિ દ્વારા પ્રભુની સનાતન દિવ્ય-શક્તિ જ (Eternal's power.) જાણે સશક્ત રીતે કાર્ય કરવા માંડે છે અને તે સંકલ્પ શક્તિને કારણે નિર્માણ થયેલો દિવ્ય વિચાર એ આધ્યાત્મિક સૂર્ય (આત્મદેવ - spiritual sun)નું એક પ્રગટ થતું કિરણ બની જાય છે.

A few shall see what none yet understands;
God shall grow up while the wise men talk and sleep;
For man shall not know the coming till its hour
And belief shall be not till the work is done.

આ બધી આંતરિક ઘટનાઓ અને પ્રક્રિયાઓ ખૂબ જ થોડા પોતાની અંદર વાસ્તવિક રીતે થતી સ્પષ્ટ અનુભવી શકશે (A few). અન્ય લોકો તો તેમણે વર્ણવેલી ઘટનાને સમજી પણ નહિ શકે અથવા કોઈ કાલ્પનિક કે રૂપકાત્મક વાત કરી રહ્યાં છે એમ જ માનશે. આવી રીતે દિવ્ય-શરીર જે દ્વારા પ્રભુ પોતે જ વધારે ને વધારે પ્રકટ થશે, તે રચવાનું કાર્ય શાંતિથી અને ગુપચુપ પાર પાડવામાં આવશે. બીજા જેમણે આવી ઘટનાનો પ્રત્યક્ષ અનુભવ કરેલો નહિ હોય પણ જેઓએ આ વર્ણન કર્યું છે તે સાચા જ છે એમ શ્રદ્ધાથી માને છે તેવા બૌદ્ધિકો

(અનુ.પૃ.૧૭ ઉપર)

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## યોગશક્તિનું કાર્ય

(ભા.-૧, પૃ.૨૩૫-૨૫૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

વેદાંત મુજબ જગત એ આધ્યાત્મિક-શક્તિની લીલામાત્ર છે. તે મૂળ શક્તિમાંથી જ મનોમય, પ્રાણમય, શારીરિક, ભૌતિક-શક્તિઓ નિર્માણ થતી હોય છે. તે આધ્યાત્મિક-શક્તિને જ યોગશક્તિ કહેવાય છે. બીજું, આધ્યાત્મિક-શક્તિ દરેક વખતે યશસ્વી થાય જ એવું પણ નથી. વિશ્વમાં અનેક બળો એકીવખતે કાર્ય કરતા હોવાથી તેમાંથી જે સંતુલન સધાય તે મુજબ જ પરિણામો આવતા હોય છે.

આ યોગશક્તિ આંતરિક-કાર્યો કરે છે જેમાં મનમાં પરિવર્તન લાવવું, તેની શક્તિઓનો વિકાસ કરવો, નવીન શક્તિઓનો આવિર્ભાવ કરવો, જ્ઞાનમાં વૃદ્ધિ, પ્રાણની ગતિઓ ઉપર કાબૂ, સંકલ્પબળમાં વધારો આવા કાર્યોનો સમાવેશ થાય છે.

આ વાસ્તવિક-પરિણામો સઘન રીતે યોગી અનુભવતો હોય છે એટલું જ નહિ પણ તે શક્તિના પ્રવાહોની ગતિવિધિનાં પણ સઘન-સંવેદનો તે અનુભવે છે.

આધ્યાત્મિક-યોગશક્તિના ઉપયોગમાં સંકલ્પશક્તિ, ગ્રહણશીલતા, સંમતિ, ખુલ્લાપણું, સમર્પણને ખૂબ જ મહત્ત્વ છે.

યોગશક્તિની કાર્ય પદ્ધતિ બે પ્રકારની હોય છે. પ્રથમ પ્રકારમાં આંતિરક-શક્તિ બાહ્ય-શક્તિને જાગૃત કરીને પરિણામ લાવે છે. બીજામાં બાહ્ય-શક્તિ આંતરિક-શક્તિને જાગૃત કરીને પરિણામ લાવે છે. યોગીઓ આ બન્ને

પદ્ધતિઓનો ઉપયોગ કરતા હોય છે.

આ યોગશક્તિના વિદ્યુત તરંગોની જેમ તરંગો હોય છે. તે મનોમય તરંગો, પ્રાણમય તરંગો, શારીરિક તરંગો કે ભૌતિક તરંગોના રૂપ ધારણ કરી શકે છે.

આ તરંગોરૂપે જ યોગિક-બળ પણ કાર્ય પાર પાડવા મોકલી શકાય છે. તેના સંવેદનો વહેતા પ્રવાહની જેવા અનુભવાય છે.

આ યોગશક્તિ અવચેતનમાં સુપ્ત અવસ્થામાં પડેલી હોય છે. તેને બહાર ખુલ્લામાં લાવવી એ યોગનું એક ધ્યેય હોય છે.

આ યોગ-શક્તિ પ્રથમ પોતે જ અદૃશ્ય હોવાથી અદૃશ્ય પરિણામો રચે છે અને પ્રકૃતિને તૈયાર કરે છે. પ્રકૃતિ તૈયાર થયા પછી જ તેનાં પરિણામો પ્રગટ થવા લાગે છે. તેને કારણે જે સત્યો પ્રગટ થાય છે તે નીચે મુજબનાં સત્યો તરીકે અનુભવતા હોય છે :

૧ ભૌતિક-વસ્તુ દેખાવમાં જ જડ છે. ચેતનાના નિશ્ચિત વમળાકાર ગતિને કારણે તે જડતાનો ભાસ રચાયેલો હોય છે.

૨ જગતમાં જડ દેખાતી પ્રકૃતિ ખરેખર તો આત્માની જ સચેતન શક્તિ છે જે ચેતનાના નિશ્ચિત આવિર્ભાવ માટે પ્રયત્ન કરી રહી છે.

૩ ભૌતિક-તત્ત્વમાં આત્મતત્ત્વના અવતરણથી તેમાં ચેતના, શક્તિ અને સભાનતાનો પ્રકાશ પ્રગટ થવા લાગે છે.

૪ જડતત્ત્વમાં પણ આત્મતત્ત્વ છે. સપાટી ઉપરની અચેતનતા નીચે તે ઢંકાએલો હોય છે.

અતિમનસ-શક્તિના અવતરણથી જ રૂપાંતર કરવું શક્ય છે.

યોગીને ઘણી વખતે જડતા બહાર ઊભરાઈ આવતી અનુભવાય છે, તે એટલા માટે કે તે વસ્તુઓનું રૂપાંતર કરવા તેને બહાર લાવવામાં આવે છે.

ચેતના પોતાને પ્રગટ કરવા ઇન્દ્રિયગ્રાહ્ય રૂપો ધારણ કરે છે અને એ રીતે પોતે પ્રગટ થાય છે. સૂક્ષ્મ-શારીરિકમાં અનેક ચેતનાનાં સ્તરો છે, જેમાં સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય સ્તરોનો પણ સમાવેશ થાય છે. આ સૂક્ષ્મ-ભૂમિકાઓ તેમના જેવા જ સ્થિતિનાં જગતો સાથે સંકળાયેલી હોય છે, તેથી જે તે જગતના અનુભવો તેમને આવી શકે છે.

સ્થળ અને કાળ બન્ને અનંત તત્ત્વો છે. આત્માના વિસ્તારમાં તેમની

અનંતતા, સનાતનતા અનુભવાય છે. ઊર્ધ્વચેતનામાં આરોહણ કર્યા સિવાય આ સનાતન કાળ અને અનંત સ્થળનો અનુભવ આવતો નથી. નિરાકાર નિષ્ક્રિય અસીમ આત્મતત્ત્વના અનુભવ સાથે તે જોડાએલાં લાગે છે.

સભાન-એકતા એ આધ્યાત્મિક-ચેતનાનું ખાસ લક્ષણ છે.

વહેમ એ અંધશ્રદ્ધાનો ભાગ હોય છે પણ તેની પાછળ કોઈક સત્ય હોય જ છે. હસ્તાક્ષર અથવા સામુદ્રિક લક્ષણો ઉપરથી સ્વભાવ જાણવા પાછળ પણ આવું સત્ય રહેલું છે.

આધુનિક, બુદ્ધિવાદ, 'ભાવિ નિયતિ'માં માનતો નથી. પણ જગતમાં અસંખ્ય શક્તિઓ નિર્માણ કાર્ય પાછળ કાર્ય કરતી હોય છે. તેમના અન્યોન્ય મિશ્ર પરિણામોમાંથી નિયતિ રચાતી હોય છે, પણ માનવની પ્રકૃતિની વિશેષતા તેને પોતાની રીતે ગ્રહણ કરે છે, તેમાંથી જ 'નિયતિ' રચાય છે. પ્રકૃતિ જ નિયતિ રચે છે.

---

(અનુ.પૃ.૧૪ ઉપરથી)

## સાવિત્રી

પોતાનાં લખાણો સત્સંગ અને પ્રવચનોમાં આનો સવિસ્તર ઉલ્લેખ કરશે (talk) અને જેમને આવી ઘટનામાં વિશ્વાસ જ નથી અથવા જેમણે આ બાબતમાં કાંઈ સાંભળ્યું જ નથી તેઓ તો પોતાની જીવન-ઘરેડમાં મૌજથી જીવતાં-જીવતાં જાણે આ બાબતે ઊંઘતા જ રહેશે.

એકંદર, સમગ્રમાનવજાત તો પ્રભુ પોતે જ પોતાનું સમગ્ર સામર્થ્ય ભૌતિકસ્તરે પ્રગટ નહિ કરે ત્યાં સુધી (till its hour) તેઓ આ બાબત તદ્દન અજ્ઞાની જ રહેવાના છે અને ક્યાંક વાંચે-સાંભળે તો પણ વિશ્વાસ નહિ બેસે. જ્યારે આ પ્રક્રિયા પોતાની પૂર્ણતાએ પહોંચશે, ત્યારે પ્રભુ જ પાર્થિવતત્ત્વની બધી મર્યાદાઓ, નરસિંહ અવતાર જેમ થાંભલામાંથી પ્રગટ થયા તેમ તોડીફોડીને પોતાની દિવ્ય-ક્ષમતાઓ સાથે કાર્ય કરવા માંડશે અને આ જ્યારે ભૌતિક કક્ષાએ લોકો જોશે ત્યારે જ તેમને તેનો વિશ્વાસ બેસશે, અન્યથા નહિ.

પ્રકાશમય મને ભૌતિક તત્ત્વનો દુર્ગ જીતી લીધો છે એની આ ખાતરી હશે. પ્રભુનો આ પ્રથમ વિજય બની રહેશે

# શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

## પ્રાચીન યોગીઓનો યોગ વિષે દૃષ્ટિકોણ

પ્રકરણ - ૨૧

(પૃ.૧૧૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 The interpretation of the planes is indeed for me a capital and fundamental part of spiritual experience without which Yoga as I practice it and its aim could not exist. P. 117

2 That aim is to manifest, reach or embody a higher consciousness upon earth. P. 117

3 (Old Yogis) They found the earth as it is a rather impossible place for any spiritual being and the resistance to change too obstinate to be borne. P. 117

4 But the fundamental proposition in the matter was proclaimed very definitely in the Upanisads... that Earth is the foundation and all the worlds are on the earth and to imagine a clean-cut or irreconcilable difference between them is ignorance. P. 117

5 This statement was used to justify a purely individual realisation, but it can equally be the basis of a wide endeavour. P.118

શ્રી અરવિન્દે માનવી-સ્વરૂપમાંનાં વિવિધ ચેતના-સ્તરોની સમજણને ખૂબ જ પાયાનું મહત્ત્વ આપેલું છે. તેના વગર પૂર્ણયોગની પદ્ધતિ જ શક્ય નથી અને પૂર્ણયોગનું નક્કી કરેલું ધ્યેય પણ શક્ય નથી. પૂર્ણયોગનું ધ્યેય છે પરમ-ચેતના, જે ઊર્ધ્વમાં છે, તેની સાથે સંપર્ક સાધવો, તેને માનવી-સ્વરૂપનાં સર્વે

ચેતનાનાં સ્તરો દ્વારા પૂર્ણ રીતે, સંવાદી રીતે પ્રગટ કરવી, તેને બધાં જ ચેતના-સ્તરોમાં કાયમી સ્વરૂપે ધારણ કરી રાખવી અને આ દ્વારા માનવ-વંશની ઉત્ક્રાંતિને સામૂહિક સ્તરે આગળ ધપાવવામાં સહભાગી થવું.

માનવી-ચેતનામાંથી સાધનાના બળે ઊર્ધ્વમાં રહેલ પરમ-ચેતનામાં જઇ એકરૂપ થવું અને માનવી-પ્રકૃતિની મુક્તિ તરફ દુર્લક્ષ્ય કરવું એવો પૂર્ણયોગનો માર્ગ નથી.

જૂની ઘણી બધી યોગપ્રણાલીઓમાં આ જગતમાંથી વિદાય લઈ ઊર્ધ્વમાંના વધારે સારા, સંવાદમય લોકોમાં સ્થિર થવું એવું ધ્યેય રહેતું, કારણ તેમની માન્યતા હતી કે આ ભૌતિક-જગત હાલના તબક્કે જેવું છે તે એટલું જિદ્દી છે કે તેને બદલવું હાલના તબક્કે શક્ય નથી. તેથી હાલમાં તો ઉપર મુજબનો જ માર્ગ પ્રશસ્ત છે.

ઉપનિષદોમાં પણ એવા વિધાનો સ્પષ્ટ મળે છે કે બધાં જ ચેતનાનાં સ્તરો આ પાર્થિવ - તત્ત્વમાં અનુસ્યૂત છે. બીજરૂપે પહેલેથી જ રહેલ છે. પરમચેતનાનું અવતરણ પામી ભૌતિક-તત્ત્વમાં સમાઈ જવાના કારણે આ વસ્તુ બની છે. એ પરમ ચેતનામાં, ચેતાનાનાં બધાં જ સ્તરો આવી જાય છે. ધરતીએ બધાં જ ચેતના-સ્તરો પોતે બીજસ્વરૂપે ધારણ કરી રાખેલાં છે તેથી જ ધરતીનાં ધરા, ધરતી વગેરે નામ પડેલાં છે. બધાંનો અર્થ છે પરમ-ચેતનાને ધારણ કરી રાખનાર તત્ત્વ - તેનો આધાર બની રહેનાર તત્ત્વ. તેથી જ ભૌતિક ચેતનાના કેન્દ્રને યોગમાં 'મૂલાધાર' કહે છે.

વિવેકાનંદ પણ એમ જ કહેતા કે આ સૂક્ષ્મ વાસ્તવિકતાઓ હોવા છતાં આજના તબક્કે તો ભૌતિક જગત કૂતરાની પૂંછડી જેવું જ વાંકું છે. તેને હજાર વર્ષ સુધી ભૂંગળીમાં રાખી પાછી કાઢશો તો તે જ ક્ષણે તે પોતાનો મૂળ વળાંક લઈ લે છે.

આ મૂળભૂત સિદ્ધાંત ઉપર જ વેદ/ઉપનિષદો વ્યાહૃતિ-વાદ ઊભો છે. તે સિદ્ધાંત મુજબ વ્યાહૃતિ એટલે વિ+આ+હૃતિ અર્થાત્ ખાસ પદ્ધતિથી (વિ) ચેતનાનાં સ્તરોને પાસે લાવી (આ+હૃતિ) ભૌતિક સ્તરમાં વાવી દેવાની ક્રિયા ચેતના ક્રમશઃ પોતાના વિવિધ સ્તરોને ભૌતિક-જીવનમાં પ્રગટ કરી સ્થિર કરી શકે છે. વ્યાહૃતિ સાત છે - ભૂ, ભુર્વઃ, સ્વઃ, મહ, જન, તપ અને સત્ય; જેમને

ક્રમશઃ સૂક્ષ્મ પાર્થિવલોક, (ભૂઃ) પ્રાણમયલોક, (ભુવઃ) મનોમયલોક, (સ્વઃ) ચેતનાની વિશાળતાનો લોક, (મહઃ) આધ્યાત્મિક ચેતનાને જન્મ આપનાર લોક, (જનઃ) તેનો વિકાસ કરવા માટેની સાધના કરનાર લોક (તપઃ) અને અંતિમ પરમ-સત્યને પ્રાપ્ત કરવાનો લોક (સત્યઃ) કહે છે.

ઉપનિષદો આ વ્યક્તિની ભૌતિક-ચેતનાના વિકાસના તબક્કા ગણાવીને જણાવે છે કે હાલમાં ફક્ત ત્રણ જ લોક ભૌતિક સ્વરૂપ દ્વારા પ્રગટ થયા છે અને ચોથો થોડોક થયો છે. તેને તે કુંડલિની-શક્તિ સાડા ત્રણ આંટા મારી સૂતી છે એવા પ્રતીક તરીકે સૂચવે છે. માનવી-મનની ઉતાવળથી આગામી તબક્કા હાંસલ કરી શકાતા નથી. સાવિત્રી મહાકાવ્યમાં યમરાજા આ જ ચેતવણી સાવિત્રીને વારંવાર આપતા હતાં.

ઉપનિષદો આ એક વૈશ્વિક પ્રક્રિયા છે એમ સ્પષ્ટ જણાવતા નથી, પણ 'યત્ પિંડે તત્ બ્રહ્માંડે' એ સિદ્ધાંત અનુસરીને જે Micro-level ઉપર સત્ય છે તે Macro-level પણ માન્ય કરવું જ જોઈએ એમ તેમણે ગૃહિત-ધારણા રાખેલી છે.

શ્રી અરવિન્દ આ જ વસ્તુને હવે સ્પષ્ટ રીતે સમજાવી રહ્યાં છે.

બીજું, ઉત્ક્રાંતિના આ તબક્કાઓની એક વિશેષતા છે કે જેમ જેમ ઉત્ક્રાંતિ આગળ વધતી જાય છે, તેમ તેમ તેનો આગામી તબક્કો હાંસલ કરવાનો સમયગાળો ઓછો થતો જાય છે, કારણ ઉત્ક્રાંતિના ઉચ્ચ તબક્કાઓમાં તે સભાન અને પ્રયત્નથી સાધ્ય વસ્તુ બનતી જાય છે. સાવિત્રી આ સત્યને અનુસરીને જ ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનો આગ્રહ યમરાજા પાસે રાખે છે. તેમાં વળી પોતે જગન્માતાએ જ એ નિર્ણય લીધો છે એ વસ્તુ યમરાજા ધ્યાનમાં લેતા નથી એ તેમની ભૂલ છે, એમ જણાવે છે.

સારાંશ, વેદોમાં વૈશ્વિક-અવતરણ અને વૈશ્વિક-આરોહણની બંને ઘટના છે, પણ આ બધી વસ્તુઓ વેદમાં બીજસ્વરૂપે જ રહી ગયેલી અને ભૂલાઈ પણ ગયેલી.

શ્રી અરવિન્દે તે પોતાના સાધનાબળે પ્રથમ જાણી લીધી અને તે પછી જ તેમને વેદો/ઉપનિષદોમાં તેના સંદર્ભો વાંચવામાં આવ્યાં. તેમની મહાનતા એમાં જ છે કે તેમણે વેદ/ઉપનિષદોની મદદ વગર જ તે સત્યો પ્રાપ્ત કર્યાં છે.

તેમની બીજી વિશેષતા એ છે કે તેમણે આ વ્યાહ્યતિના સિદ્ધાંતને ડાર્વિનની ઉત્ક્રાંતિના સંદર્ભમાં ચેતનાની ઉત્ક્રાંતિ તરીકે પ્રસ્થાપિત કર્યો અને વ્યક્તિગત સાધના એ આ ઉત્ક્રાંતિને આગળ ધપાવવા માટે છે એ વિશાળ ધ્યેય સાધનાનું રાખ્યું. આ પૂર્ણયોગના પાયાનાં બીજ વેદ/ઉપનિષદોમાં હોવા છતાં સમગ્ર પૂર્ણયોગના ભવનનું નિર્માણ શ્રી અરવિન્દનું પોતાનું જ છે.

માનવી-સ્વરૂપની સર્વ પ્રકારની દિવ્ય-ક્ષમતાઓ વિકસાવ્યા બાદ તેમનો સમન્વય કરવાની જરૂર છે. આ સમન્વયાત્મક દૃષ્ટિકોણનાં બીજ શ્રી અરવિન્દે યાજ્ઞવલ્કયના ઈશોપનિષદ પરથી લીધાં છે. તેમાંના એક મંત્રમાં માનવી-દિવ્ય ક્ષમતાઓને પ્રકાશ-કિરણોનું રૂપક વાપરી હે વિવિધ દેવો ! તમે તેમનો એક વ્યૂહ, સમન્વયાત્મક રચના કરી આપો એવી વિનંતી યાજ્ઞવલ્કય કરે છે (વ્યૂહ-રશ્મિન્)

શ્રી અરવિન્દે ‘દિવ્ય-જીવન’ ગ્રંથ લખ્યો તેનું શરૂઆતમાં નામ 'A commentary on Ishopanishad' - ઈશોપનિષદ ઉપરની ટીકા એવું હતું એ વાત આ બાબતની જ સૂચક છે.

પણ ઉપર જણાવ્યા મુજબ પાયો શ્રી અરવિન્દને ઉપનિષદોમાંથી મળ્યો પણ તે ઉપરનું પૂર્ણયોગના બધા જ તબક્કાઓનું ઘડતર અને બંધારણ તો શ્રી અરવિન્દની જગતને મહાન અમૂલ્ય ભેટ છે.

---

(અનુ.પૃ.૩ ઉપરથી) **પ્રાર્થનાઓ અને ધ્યાન**

આવશે. એવી શ્રદ્ધા સાધકે નિશ્ચિંતભાવે રાખવાની છે. તે ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો જ ભાગ છે. જ્ઞાનમાં પણ ઉત્ક્રાંતિ થતી હોય છે. તેથી પ્રભુ તમારી ઉતાવળી જિજ્ઞાસાને જવાબ જ આપતા નથી.

તેથી શ્રી માતાજી જણાવે છે કે આપણે પોતાના ચિત્તને પ્રભુકૃપાની જાણકારીના ભરોસે, તેની ક્ષમતાના ભરોસે આશ્વસ્ત કરીને શાંત, એકાગ્ર કરી રાખેલ છે. શ્રદ્ધા છે કે જરૂરી વસ્તુ સમયે પ્રભુ આપશે જ. આપણે પણ પોતાના વિકાસ માટેની સંકલ્પશક્તિને આરામ નથી આપ્યો તેને પ્રબળ આંતરિક એકાગ્રતામાં રાખેલ છે. વર્તમાન વિકાસમાં જ પરોવી રાખેલ છે. આમ, તે સ્વસ્થ અને આંતરિક પ્રબળ એકાગ્રતાથી યુક્ત છે.

પ્રભુ અમે આ એકાગ્રતામાં તારા આગામી સંકેતની વાટ જોઈ રહ્યા છીએ.

# ઉપનિષદો

- શ્રી અરવિન્દ

## આત્મસાક્ષાત્કાર

(પૃ.૪૩-૫૦)

પ્રકરણ - ૪

1 Brahman is subjectively Atman the self... mind, life, character, temperament, action are becomings of the self in the movement Jagati. P. 43

2 When this unity has been realised by the individual in every part of his being, he becomes perfect, pure, liberated... P. 43

3 Atman is light and bliss... It is timeless, spaceless and free. P. 43

4 Atman represents itself... in three states dependent on the relations between purusha and prakriti... Akshara, Kshara, Uttam. P. 43

5 Atman as Kshara enjoys change and division and duality, Akshara standing back from the movements of Nature. Purushottam is containing and enjoying both the stillness and the movement. It is the lord Brahman... that has to be realised. P. 44

6 In the pyscical consciousness Atman becomes Annamay Punsha. In the vital, pranamaya Punsha, In the mental, manomay Purusha, In the supra intellectual consciousness vijnanamaya Purusha. In the consciousness proper Anandmaya pursha, In the infinite divine self awareness (chif) universal chaitanmaya purusha. In the pure divine existence (sat) sat-purusha. Man can live in any of these states of the self... P. 45

7 Sat-chit-Ananond are expressed through para (higher) prakriti. Mind vital, body are. expressed through Apara (lower) prakriti. P. 45

8 The state of sat-chit-Anand and vijnana is the higher half of universal existence, parardha, the nature of which is amrutam. The state of mortal existence in Matter is the lower half, aparardha, the nature of which is mrutya. The mind can convert in vijnana Life into chit, body into sat. If this is not done perfectly in the body the soul realises its other forms of sunlit worlds A progressive perfect realisation in the body is the aim of human evolution. P. 45

9 It is also possible for the soul to withdraw.,, into pure state of sat-chit-anand. P. 46

10 The lord pervades the universe as virat is cosmic sou] (Paribhtu verse-8) He manifests a Jivatman in the living creature. It is the mental ego-sense that creates this distortion in the reflection of sat-chit-anand in the heart. P. 46

11 This limitation is brought about through the kshara purusha identifing with formations of lower Nature. P. 47

12 The beginning of wisdom, perfection and beatitute is the vision of the one. P. 47

13 The first movment of self-realisation is the sense of unity with other separate existences... love, compassion, fellow feeling etc... This collectivity... pluralistic unity. P. 47

14 Real knowledge begins with the perception of essential oneness, one matter, one life, one mind, one soul, playing in many forms. P. 47

15 Then we see all minds, lives, bodies to be active formations of self. This is the foundation of perfect internal liberty, Joy and peace. P. 47 This is the viewpoint of the self as lord inhabiting the whole movement (so-ham). P. 48

16 This is the synthetic ideal of Isha upanishad to embrace vidya (one) and Avidya (many) in the world P. 49

17 Illusion is replaced by knowledge, desire by the active beatitude of universal possession. P. 49

18 By realisation of the unity of God (Isha) and the world (Jagat) desire and illusion is renounced. P. 50

બ્રહ્મતત્ત્વને આપણે પોતામાં આત્મા તરીકે અનુભવીએ છીએ. તે આપણામાં અચલ, અફર તત્ત્વ છે. આપણા મન, પ્રાણ, શરીર અને તેમનાથી બનેલો સ્વભાવ અથવા પ્રકૃતિ એ તે બ્રહ્મની જ ભવન-ક્રિયા છે. આવી રીતે જ્યારે બધી વસ્તુઓને બ્રહ્મનાં આવિર્ભાવ તરીકે અનુભવે છે ત્યારે જ પૂર્ણતા પ્રાપ્ત કરે છે અને મૃત્યુની પેલે પાર અમરતામાં પ્રવેશી જાય છે.

આત્મા ત્રણ સ્વરૂપે અનુભવાય છે. આ ત્રણે સ્વરૂપ આત્મા પ્રકૃતિના કયા તત્ત્વ સાથે એકરૂપતા સાધે છે તેની ઉપર આધાર રાખે છે. પ્રકૃતિના બે પ્રકાર છે - પરાપ્રકૃતિ દિવ્ય અને શુદ્ધ છે. અપરાપ્રકૃતિ અદિવ્ય અને અશુદ્ધ છે. દિવ્ય એટલે પ્રકાશમય. અદિવ્ય એટલે અપ્રકાશિત.

૧ જો આત્મતત્ત્વ પ્રકૃતિનાં અદિવ્ય તત્ત્વો મન, પ્રાણ, શરીર સાથે એકરૂપ થાય તો તે ક્ષરપુરુષ તરીકે અનુભવાય છે તે પ્રકૃતિમાં થતા ફેરફારોનો અનુભવ લે છે.

૨ જ્યારે આત્મા પ્રકૃતિના ફેરફારોથી અળગો થઈ પાછળ ઊભો રહે છે ત્યારે તેને અક્ષરપુરુષ કહે છે. અક્ષરપુરુષ જ ક્ષરપુરુષની ગુપ્ત મુક્તિસ્વરૂપ છે.

૩ જ્યારે આત્મા પ્રકૃતિના ફેરફારો સાથે એકરૂપ પણ થાય છે અને તેથી

અળગો પણ એકીસાથે રહે છે ત્યારે તે પુરુષોત્તમ કહેવાય છે. આ પુરુષોત્તમનો જ સાક્ષાત્કાર આપણે કરવાનો છે..... ત્રણે કક્ષાએ : વ્યક્તિગત, વૈશ્વિક અને વિશ્વાતીત કક્ષાએ.

આત્મા બન્ને પ્રકૃતિ દ્વારા પ્રગટ થાય છે ત્યારે તેને પુરુષ કહે છે તેની વિવિધ અવસ્થાઓ નીચે મુજબની છે :

| **પ્રકૃતિ** | **તત્ત્વ સાથે એકરૂપતા** | **પુરુષનો પ્રકાર** |
|---|---|---|
| વ્યક્તિગત અપરાપ્રકૃતિ | શારીરિક તત્ત્વ (૧) | અન્નમયપુરુષ |
| | પ્રાણમયતત્ત્વ (૨) | પ્રાણમયપુરુષ |
| | મનોમયતત્ત્વ (૩) | મનોમયપુરુષ |
| વ્યક્તિગત પરાપ્રકૃતિ | વિજ્ઞાનમયતત્ત્વ (૧) | વિજ્ઞાનમયપુરુષ |
| | આનંદમયતત્ત્વ (૨) | આનંદમયપુરુષ |
| વૈશ્વિક પરાપ્રકૃતિ | વૈશ્વિક શારીરિક (૧) | બ્રહ્મા |
| | વૈશ્વિક પ્રાણમય (૨) | વિષ્ણુ |
| | વૈશ્વિક મનોમય (૩) | મહેશ |
| વિશ્વાતીત | વિશ્વાતીત સત્ (૧) | વિરાટ |
| પરાપ્રકૃતિ | વિશ્વાતીત ચિત્ (૨) | હિરણ્યગર્ભ |
| | વિશ્વાતીત આનંદ (૩) | ઈશ્વર |

(ક્રમશઃ)

(અનુ.પૃ.૨૬ ઉપરથી) **યોગ પર દીપ્તિઓ**

it's going to dissolve the next minute, it feels "that" is the only thing holding it together. For a long time you feel that if the ego were to disappear, the being would disappear, the form would disappear, but that's not true.

શ્રી અરવિન્દ પણ કહે છે હવે અહંને ત્યાગવાનો સમય આવી ગયો છે. જે તત્ત્વ મદદરૂપ હતું તે જ હવે વિઘ્નરૂપ બની ગયું છે. Ego was the helper; Ego is the bar.

અહંને પરમપ્રભુમાં વિલીન કરીને જ સાચી સાધના અને દિવ્ય-જીવન જીવી શકાય છે. સાવિત્રીમાં શ્રી અરવિન્દ જણાવે છે કે :

The island ego joined it continent. (Savitri, Pg. 25)

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)

પ્રકરણ - ૨૬

## અહં (Ego)

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **'અહં' એ પ્રકૃતિનું એક ઘડતર છે..... મનોમય અને પ્રાણમય અહં પણ હોય છે. પૃ. ૨૫**
- **એટલે દેહના વિલય સાથે તેનો અંત આવતો નથી. પૃ. ૨૫**
- **અહીંની પાર્થિવ ચેતના પદાર્થતત્ત્વના રૂપમાં અને પદાર્થતત્ત્વની શક્તિના રૂપમાં અંતર્હિત થયેલી છે.... પૃ. ૨૫**
- **પ્રાણમય અને મનોમય ચેતના પણ અજ્ઞાનના પરિણામે સત્યથી વિખૂટી પડી ગયેલી છે.... પૃ. ૨૫**

શ્રી અરવિન્દ અહીં અહં અને તેની રચના વિષે વાત કરી રહ્યા છે. અહં એ કંઈ ફક્ત જડ પ્રકૃતિનું ઘડતર નથી. અહંની ઊંડાઈ પણ છેક મનોમય અને પ્રાણમય પ્રદેશોમાં પણ પડેલી હોય છે.

અહીં અરવિન્દ ખાસ જણાવે છે કે દેહ - શરીરના અંતથી અહંનો અંત આવતો નથી. પરંતુ તે પ્રાણમય અને મનોમય સ્વરૂપે પણ દેહ છોડ્યા પછી પણ જીવતો રહે છે. તેથી જ અહંનો વિસ્તાર મનોમય અને પ્રાણમય ઘડતરોમાં પણ ફેલાએલો છે.

પાર્થિવ ચેતનાના પ્રગટીકરણ માટે, પરમ પ્રભુના સંકલ્પાનુસાર, પાર્થિવ ચેતનાને ઘાટ આપવા તેમાં અચિત તત્ત્વ ઉમેરીને પદાર્થના રૂપમાં અથવા કહો કે

શારીરિક રૂપમાં પૃથ્વી ઉપર નિર્માણ કરવામાં આવી. આ પ્રગટીકરણનો પાયો અજ્ઞાન નહિ પરંતુ અચિત-તત્ત્વ છે. ઘનીભૂતતા લાવવા માટે જાણે પાર્થિવ ચેતનામાં અચિતનું મિશ્રણ કરવામાં આવ્યું.

આ પાર્થિવ ચેતના જ ધીરેધીરે ઉત્ક્રાંત થઈ રહી છે અને આ ઉત્ક્રાંતિમાં જે મૂળભૂત રીતે મુશ્કેલીઓ આવી રહી છે તે આ અહંને આભારી છે.

અહીં એ પણ સમજી લેવું જોઈએ કે પાર્થિવ ચેતના મૂળભૂત રીતે પદાર્થ તત્ત્વ એટલે કે પ્રભુના જુદાં જુદાં સ્વરૂપે પ્રગટ થવા માટે જ બનેલી છે અને આ દિવ્ય પાર્થિવ ચેતનામાં જ્યારે અચિતનું મિશ્રણ કરીને જે આકૃતિ તૈયાર કરવામાં આવે છે તે જ પ્રભુના સંકલ્પાનુસારના જુદાં જુદાં સ્વરૂપો છે. અચિતના મિશ્રણથી મૂળભૂત દિવ્ય પાર્થિવ ચેતના પરમ-પ્રભુથી વિભક્ત બની, જુદી પડી અને પ્રભુએ જુદાં જુદાં સ્વરૂપે સર્વે વસ્તુઓ સર્જી, તેથી જ અહંને ઓગાળીને સાધનાને આગળ વધારવી તેવું દરેક સંતો કહે છે. 'ભક્ત' બનવાનું છે, વિભક્તિમાંથી મુક્ત થવાનું છે.

જેમ પાર્થિવ તત્ત્વનો અહં અચિતને આભારી છે, તેમ જ પ્રાણમય અને મનોમય ચેતનાનો અહં અજ્ઞાનને આભારી છે. આ બન્ને ચેતનાઓ તેથી જ સત્યથી વિખૂટી પડી ગઈ છે.

સાધનાની શરૂઆતમાં સાધક અનુભવે છે કે તેના અજ્ઞાનનો ધીરે ધીરે નાશ થઈ રહ્યો છે. આ અજ્ઞાનના ધીરે ધીરે નાશ થવાથી સાધક મૂળ કારણ તરફ આગળ વધે છે અને તે જોએ છે કે પાર્થિવ તત્ત્વમાંનું અચિત જ આ બધાનો આધાર છે, મૂળ મુશ્કેલીઓનું કારણ છે.

શ્રી માતાજી અંતિમ તબક્કાની સાધના કરતા હતાં ત્યારે તેમણે અનુભવ્યું કે આ અહંને પાર્થિવ ચેતનામાંથી દૂર હાંકી ને રૂપાંતર કેમ કરવું ?

શ્રી માતાજી કોષોની સાધનામાં જ્યારે અહંને દૂર કરવાનો પ્રયત્ન કરતાં, ત્યારે પરમ ચેતના (તત, "that") કોષોમાં ઉતરી આવે છે ત્યારે અહંકારનો આભાસ અને જૂઠાણું પ્રગટ થવા માંડે છે. શ્રી માતાજી અનુભવે છે કે અહં છોડવાથી વ્યક્તિતાનો નાશ થતો નથી. પરંતુ દિવ્ય-વ્યક્તિતા પ્રગટ થવા માંડે છે. શ્રી માતાજી ''માઈન્ડ ઑફ સેલ્સ''માં જણાવે છે કે :

When the body comes out of "that" (the other state), it feels as if

(અનુ.પૃ.૨૪ ઉપર)

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# ઉષાનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૬૦-૧૬૫)

પ્રકરણ -૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ઉષાને વારંવાર ગાયોની માતા તરીકે વર્ણવવામાં આવી છે. પૃ.૧૬૦

૨ દેવોની માતા અદિતિને ગાય તરીકે અને સામાન્ય રીતે માતા તરીકે વર્ણવવામાં આવી છે; તે પરમ પ્રકાશ છે અને સઘળાં તેજો તેનામાંથી ઉદ્‌ભવે છે. માનસશાસ્ત્રીય દૃષ્ટિએ તે પરમ-ચેતના અથવા અનંત ચેતના છે. પૃ.૧૬૦

૩ અદિતિ શારીરિકથી માંડીને બધાં જ..... ચેતનાનાં વૈશ્વિક સ્વરૂપોનું ઉદ્‌ગમસ્થાન છે. સપ્તગાવઃ સાત ગાયો, તેના આ સ્વરૂપ છે તેથી તે માતાનાં સાત નામો અને સાત ધામો છે. પૃ.૧૬૦

૪ ગાયોની માતા તરીકે ઉષા માત્ર આ અદિતિનું (એક) રૂપ અથવા શક્તિ થઈ શકે. પૃ.૧૬૦

૫ જો ઉષા તે પ્રકાશમય ચેતના હોય તો..... ઋત્‌ના વિચાર સાથે સંબંધિત (તેનું નામ પણ) પ્રાપ્ત થવું જોઈએ. પૃ.૧૬૦

૬ ઉષાને ઋત્‌ના માર્ગ તરીકે વર્ણવવામાં આવી છે. પૃ.૧૬૦

૭ વેદમાં સૂર્યને ઉષાના માર્ગનું અનુસરણ કરતો વર્ણવ્યો છે. પૃ.૧૬૧

૮ તે (ઉષા) અનંતના - બૃહત્‌ને મર્યાદિત કરતી નથી. (૫-૮૦-૧)

૯ સ્વર્ગમાં જન્મેલી ઉષા ઋત્ વડે પદાર્થોને પ્રગટ કરે છે. પૃ.૧૬૧

૧૦ ઉષા સત્યના દેવો સાથે સત્ય, મહાન દેવો સાથે મહાન (છે). પૃ.૧૬૧

૧૧ ઋત્ આનંદનો માર્ગ છે..... ઉષા આનંદને લાવનાર છે. પૃ.૧૬૨

૧૨ ઉષાને કેટલીકવાર ઋતાવરી..... કેટલીકવાર સનૃતાવરી વર્ણવી છે. પૃ.૧૬૨

૧૩ તેને સુખપ્રદ સત્યોને લાવનારી પ્રકાશમાન (શક્તિ) તરીકે વર્ણવી છે. પૃ.૧૬૨

૧૪ ઉષાને 'વિશ્વસુવિદઃ' તરીકે વર્ણવેલી છે. પૃ.૧૬૨

૧૫ ગૌતમ રાહુગણ કહે છે કે (ઉષાની) દર્શનાની આંખ સંપૂર્ણ વિશાળતાથી પ્રકાશે છે. સમગ્ર જીવનની (સાચી) ગતિ પ્રત્યે તે જાગૃત કરે છે. (આંતર) વાણીને પ્રગટ કરે છે. પૃ.૧૬૨

૧૬ કેતુઃ એટલે વિવેચના-શક્તિ, જ્ઞાનની શક્તિ. પૃ.૧૬૩

૧૭ દુરિતમ્‌નો અર્થ છે ખોટી ગતિ - (અનિષ્ટ, પાપ, દુઃખ, પ્રમાદ). સુવિતમ્‌નો અર્થ છે સાચી ગતિ - (સુંદર, સુખપ્રદ, સત્યાશ્રિત ગતિ). પૃ.૧૬૩

૧૮ ઉષા..... આધ્યાત્મિક સમૃદ્ધિ અને આનંદને (રાધસઃ સુનૃતાનામ્ (૭-૭૬-૭) લાવે છે. પૃ.૧૬૩

૧૯ ઉષા અશ્વાવતી પણ છે. પૃ.૧૬૪

૨૦ વીરવતિનો અર્થ વિજય પ્રાપ્ત કરતી શક્તિઓથી યુક્ત હોઈ શકે. પૃ.૧૬૪

૨૧ ઉષા આંતર-ઉષા છે. પૃ.૧૬૪

૨૨ શ્રવસ્ એટલે દિવ્ય શ્રુતિ. પૃ.૧૬૫

*

૧ વૈદિક ભાષામાં સાત નદીઓ-જળોને સાત પોષણ કરતી માતાઓનું અથવા ગાયોનું રૂપક આપવામાં આવ્યું છે. સપ્તધેનવઃ આપઃ. પૃ.૧૫૨

૨ 'અપ્' ધાતુનો અર્થ થાય છે 'ગતિ કરવી' અર્થાત્ જવું અથવા થવું (થાય છે), તે ઉપરથી 'અપત્ય' શબ્દ આવ્યો છે. પૃ.૧૫૨

૩ (ગાયો માટે) સપ્તગુ, સાત પ્રકાશ કિરણોવાળો એવું વિશેષણ પણ વપરાયેલું છે. પૃ.૧૫૨

૪ અદિતિ માતા અનંત ચેતના છે. તેનાં સાત ધામો વર્ણવ્યાં છે. પૃ.૧૫૨

૫ અસ્તિત્વના સપ્તવિધ તત્ત્વને એક દૃષ્ટિથી સમુદ્રમાં વહેતી સાત નદીઓનું રૂપક આપવામાં આવ્યું છે. પૃ.૧૫૨

૬ જ્યારે ઋષિ ઉષાને પ્રાર્થના કરે છે કે ગોમદ્ વીરવદ્ દેહી રત્નમુષો અશ્વાવત્. તેનો અનુવાદ (માનસશાસ્ત્રીય દૃષ્ટિએ) આમ થાય ‘‘હે ઉષા ! અમને પ્રકાશ (ગોમદ્), રૂપાંતર પામી નિર્ભય બનેલાં તત્ત્વો (વીરવદ્), આનંદ (રત્ન) ઉત્સાહ (અશ્વ) આપો.’’ પૃ.૧૫૩

૭ પ્રથમ ઋચાઓનું ગોદોહન રૂપકમય છે, તેમ બીજી ઋચાનું ગોદાન પણ રૂપકમય જ છે. પૃ.૧૫૪

૮ વળી કેટલીક વખત ઉષાના રથને ગાયો, તો કેટલીક વખત રાતા ઘોડા જોડ્યા છે; એવું વર્ણન કરવામાં આવ્યું છે. પૃ.૧૫૪

૯ અશ્વિનોનું આવાહન અંધકારથી પેલે પાર લઈ જનાર પ્રકાશયુક્ત આવેગો આપવા માટે કરવામાં આવ્યું છે. પૃ.૧૫૬

૧૦ ઉષા હમેશાં ઋત્‌ના સનાતન કાયદાને અનુસરે છે. પૃ.૧૬૭

૧૧ પિતૃઓએ ઉષાને જન્માવી (અજનયન્નુપાસમ્) (૭-૭૬-૪) પૃ.૧૫૭

૧૨ સાધક પોતાના અસ્તિત્વમાં વૃદ્ધિને પામે છે. પૃ.૧૫૮

૧૩ છેલ્લી સિદ્ધિને નદીઓના સંતરણરૂપે વર્ણવવામાં આવી છે. પૃ.૧૫૯

૧૪ ઉષા ઋત્‌ને લાવનાર છે. પોતે ઋત્‌નો પ્રકાશ જ છે. તે દિવ્ય-ઉષા છે. પૃ.૧૫૯ **(વેદનું રહસ્ય ભા. ૨, પૃ.૯૮-૧૦૩)**

૧ દિવ્ય ઉષા આપણી અજ્ઞાનની રાત્રિ પર ઉદય પામતા પરમ પ્રકાશની દેવી છે. પૃ.૯૮

૨ ઉષા અને તેની બહેન રાત્રિ એક જ સનાતન અનંતની છતી અને ઊંધી બે બાજુઓ છે. પૃ.૯૯

૩ મર્ત્યલોકમાં અજ્ઞાનની નિમ્નરાત્રીનું શાસન ચાલે છે, જે રાત્રિ આકાશ-પૃથ્વી-અંતરિક્ષને, આપણા માનસિક, શારીરિક, પ્રાણિક અસ્તિત્વને આવરી લે છે. પૃ.૯૯

૪ આ રાત્રિ તદ્દન પ્રકાશ-વિહોણી નથી..... સંકલ્પરૂપ અગ્નિની દિવ્ય-જ્વાળા ગાઢ અંધકારમાં પ્રજ્વલિત હોય છે..... આવેગ તથા કામનાના

ધુમાડામાં પણ તે ગૂઢ પ્રકાશનાં સંકલ્પને તથા કાર્યોને પરિપૂર્ણ બનાવે છે.

૫ દિવ્ય-ઉષા અદિતિનું મુખ છે - શક્તિ છે. પૃ.૯૯

૬ ઋત્‌ના નિયત ક્રમોમાં, તેની નિયત ઋતુઓમાં આ કાર્ય કરવાનું હોય છે. પૃ.૯૯

૭ પાછળથી આવતી રાત્રિઓ પહેલાનાં જેવી તદ્દન અંધકારમય હોતી નથી. પૃ.૧૦૦

૮ આ રાત્રિઓ સુખમય દિવ્ય આશીર્વાદની હોય છે. પૃ.૧૦૦

૯ ઉષા અને રાત્રિ એક જ પ્રિયતમને પ્રેમ કરતી, પરસ્પરને સંમતિ આપતી, પ્રકાશનાં રંગ નિર્માણ કરતી..... ગતિ કરે છે. પૃ.૧૦૦

૧૦ ઉષાઓના વારાફરતી ગાળાઓ આવે છે. પૃ.૧૦૦

૧૧ જ્યારે આપણા માનસમાં પાર-માનસિક ચેતના પરિપૂર્ણ બનીને પ્રકાશે..... ત્યારે અહીંના શિખર ઉપર એક વર્ષ લાંબા દિવસને ભોગવી શકીશું. પૃ.૧૦૦

૧૨ ઉષા દેવોના જન્મને અને આવિર્ભાવને લઈ આવશે. પૃ.૧૦૦

૧૩ દરેક ઉષા જીવનને ઊર્ધ્વમાં લઈ જાય છે. પૃ.૧૦૨

૧૪ તે આપણાને વૈશ્વિક જન્મ આપે છે. પૃ.૧૦૨

૧૫ તે સાત મુખોવાળા અંગિરસો ઉપર, નવ કિરણોવાળા નવગ્વો ઉપર, દસ કિરણોવાળા દશગ્વો ઉપર પ્રકાશી હતી. પૃ.૧૦૧

૧૬ તે આત્મામાં રહેલ વિચાર માટે અભિવ્યક્તિ સર્જે છે. પૃ.૧૦૧

૧૭ તે વિવેચનાયુક્ત જ્ઞાનની દેવી છે. પૃ.૧૦૧

૧૮ ઋત્‌નો વિચાર પ્રકાશયુક્ત ઉષા સાથે સંબંધિત છે. પૃ.૧૦૨

૧૯ તે પોતાના પ્રકાશ વડે માનવ માટે માર્ગનું સર્જન કરે છે. પૃ.૧૦૨

૨૦ તે ઋત્‌ વડે જોતરેલા અશ્વોથી ગતિ કરે છે. પૃ.૧૦૧

૨૧ ઉષાકાળમાં આર્ય જાગે છે. પૃ.૧૦૧

૨૨ તે ઋત્‌ના શબ્દો ઉચ્ચારતી આવે છે. પૃ.૧૦૧

૨૩ તે સમૃદ્ધિઓને આપે છે. પૃ.૧૦૧

૨૪ ઉષાનો પ્રકાશ 'મિત્ર તથા વરુણનું વિશાળ જ્ઞાન છે.' પૃ.૧૦૧ (ક્રમશઃ)

**''સહજ-સત્સંગ'' માસિક**

**ધી રજીસ્ટ્રેશન ઑફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૨ અન્વયે સહજ-સત્સંગ (માસિક) અંગે માહિતી**

**(ફોર્મ - ૪ જુઓ નિયમ-૮)**

| | | |
|---|---|---|
| પ્રકાશનનું સ્થળ | : | સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવડ રોડ, રાજકોટ |
| સામાયિકતા | : | માસિક |
| મુદ્રકનું નામ | : | લલિતભાઈ ઉપાધ્યાય |
| નાગરીકતા | : | ભારતીય |
| સરનામું | : | ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે,કાલાવડ રોડ, રાજકોટ |
| પ્રકાશકનું નામ | : | શ્રી કમલેશભાઈ માંડવિયા |
| નાગરીકતા | : | ભારતીય |
| સરનામું | : | ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે,કાલાવડ રોડ, રાજકોટ |
| તંત્રીનું નામ | : | માનસિંહ ચાવડા |
| નાગરીકતા | : | ભારતીય |
| સરનામું | : | ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવડ રોડ, રાજકોટ |
| માલિકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ |
| નાગરીકતા | : | ભારતીય |
| સરનામું | : | ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવડ રોડ, રાજકોટ |

હું કમલેશ સી. માંડવીયા આથી જાહેર કરું છું કે ઉપર લખેલ તમામ વિગતો મારી વધુમાં વધુ જાણ તથા માહિતી મુજબ ખરી છે.

તા. ૧.૪.૨૦૧૩
રાજકોટ

**કમલેશ સી. માંડવીયા**
**પ્રકાશક**

(પૃ.૩૩ ઉપરથી) **વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

દવા વગર સાજા થવામાં યશ મળશે જ તેની ખાતરી નથી. એવી ઊર્ધ્વશક્તિ જે મનથી પર છે અને કોષો ઉપર સીધેસીધો પ્રભાવ પાડી શકે છે, તેવી જ શક્તિ આ કાર્ય કરી શકશે. અતિમનસ શક્તિ તેવી શક્તિ છે પણ તે બધાંને જ હજી હાથવગી નથી.

જેનું મન સરળ સીધું સશ્રદ્ધ અને હૃદય સરળ છે તેઓ વધારે યશસ્વી થાય છે. મનના વિકાસ પામેલાંને આ વસ્તુ અઘરી લાગે છે.

શરીર એ એક પ્રગતિ માટેનું અનિવાર્ય સાધન છે. તેને શિસ્તબદ્ધ તાલીમ આપીને નિયમિત વ્યાયામ, આહાર, નિદ્રા, આરામ આપીને નિરામય રાખી શકાય છે. રોગ અને માંદગી આવ્યા પછી ઉપાયો કરવા કરેલાં તે ન આવે તેની દક્ષતા વધારે ઉપયોગી નીવડે છે.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## માંદગી કેવી રીતે નિવારશો ?

પ્રકરણ - ૨૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

(ગતાંકથી ચાલુ)

ઘણી વખત દુ:ખ અને વેદના એટલા ઝડપી રીતે વધી જાય છે કે તે અસહ્ય બની જાય છે. તેના ઉપાય તરીકે માતાજી જણાવે છે કે જો તે વ્યક્તિ તેની તરફ ધ્યાન ન આપવાનો નિર્ણય લે અને તેમ કરી શકે તો થોડી માત્રામાં તેની પીડા ઘટી જાય છે. આપણું મન સતત જો પીડામાં જ અટવાતું રહે તો તે પીડા વધારે બિહામણું સ્વરૂપ ધારણ કરે છે. જ્યાં સુધી રોગનું મૂળ કારણ વિસંવાદ નષ્ટ ન થાય ત્યાં સુધી રોગના હુમલા ચાલુ રહેવાના છે એ નિશ્ચત વાત છે, ઉપરનો ઉપાય તો એક ઉપરછલ્લો ઉપાય છે. જે મગજ અને દુ:ખી ભાગ વચ્ચે સતત દુ:ખનાં સંવેદનોનો પ્રવાહ વહે છે, તેને થોડીવાર માટે કાપી નાખવામાં આવે છે. મગજને તે સંવેદનો પહોંચે જ નહિ તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

દર્દને બદલે અન્ય કોઈ વસ્તુમાં મન પરોવી દુ:ખનાં સંવેદનોને કાપી નાખવા આ પણ એક ઉપાય છે.

આંતરિક શાંતિમાં સ્થિર થવાથી, નિર્લેપભાવમાં રહેવાથી, શરીર સાથેનું તાદાત્મ્ય ભાંગી નાખવાથી પણ આવા પરિણામો લાવી શકાય છે.

સારાંશ, વેદનામાં મન પોતે સહભાગી ન થાય તો શરીર પોતાની મેળે સ્વતંત્ર રીતે કામ કરીને પોતાની સહનશીલતાને અમર્યાદ વધારી શકે છે. શરીરમાં ભય પેદા કરનાર મન છે. તે જ તેની ક્ષમતા ઘટાડી નાખે છે.

શરીર જો વેદનાને સહન કરવાનું સ્વીકારી લે છે તો તેની સહનશીલતા વધી જાય છે. શરીરની આંતરિક સ્વસ્થતા તેમાં નિશ્ચિંતતા લાવે છે.

શરીર વ્યાકુળ ત્યારે જ થાય છે, જ્યારે તેના કોષો આત્મશ્રદ્ધા ગુમાવી બેસે છે. કોષોમાંની દિવ્યહાજરીનો અનુભવ કોષોને થઈ જાય તો તેઓ સદા શ્રદ્ધામય રહેતા શીખે છે. તેઓ તેથી સદા આનંદમય, તેજોમય રહેવાનો, પોતે જ પ્રયત્ન કરતા થઈ જાય છે.

સમજો, માંદગી આવી જ ગઈ છે. ઉપરના ઉપાયો યશસ્વી થયા નથી, તો શું કરવું ? માતાજી જણાવે છે કે જો તમે રોજિંદું કામ કરી શકતા હો તો તે કરવાનું ચાલુ રાખજો. જો તદ્દન પથારીવશ જ થઈ ગયા હો તો વાત જુદી છે. બીજું, શરીરને તે નરવું થઈ જશે તેવી શ્રદ્ધા બેસાડવા ડૉકટરે કહેલી દવા જરૂર લો. શરીરમાંની દિવ્ય-શક્તિને તમને નિરામય રાખવા ભૌતિક આધારની જરૂર પડે છે તેવો આધાર આ દવા આપે છે. મનને શંકા-કુશંકા કરતું બંધ કરી દે છે. શરીરમાં પોતે હવે રોગમુક્ત થશે તેની ખાતરી આપે છે. દવા લો અને શક્ય હોય તો દૈનંદિન કાર્ય કરતા રહો. આવી સહજસ્થિતિ રોગમુક્તિ માટે ખૂબ જ ઉપયોગી છે.

જો પથારીવશ પડ્યા રહેવું પડે તો પણ પથારીમાં પડ્યા પડ્યા વ્યગ્ર અને અશાંત ચિંતાતુર થવાનો કોઈ અર્થ નથી. તમે શાંત, સ્વસ્થ, આરામદાયક અવસ્થામાં રહો. પોતાના સમગ્ર શરીરને ન રાખી શકો તો રોગગ્રસ્ત ભાગમાં આવી સ્થિતિ રચો. પ્રભુકૃપામાં પૂર્ણ શ્રદ્ધા રાખો. બસ, તમારે આટલું જ કરવાનું છે, પરહેજી પાળશો અને નિયમિત દવા લેશો તો આ સ્થિતિ દવાને અસરકારક કરવા ખૂબ જ મદદરૂપ બને છે.

દવા ઉપરનો આધાર દરેક વ્યક્તિના પ્રકૃતિ અનુસાર વધારે - ઓછો હોય છે. અમુક લોકોને નાની નાની વાતો માટે પણ ડૉકટરો પાસે દોડી જવું પડે છે. અમુકને તેવી જરૂર લાગતી નથી. જેટલી શરીરની આત્મશ્રદ્ધા વધુ તેટલી તેને દવાની ઓછી જરૂર પડે છે.

માંદગી દરમિયાન માનસિક દૃઢ સંકલ્પ કરી દવા વગર જ સારું થવાનો પ્રયોગ યશસ્વી થઈ શકે છે ? માતાજી આ વિષે જણાવે છે કે મનનું નિયંત્રણ આપણા શારીરિક-કોષોના સ્તરે બહુ ઓછું છે. શારીરિક મન યાંત્રિક સંકલ્પનું છે. તે મનના સંકલ્પોને માન્ય રાખતું નથી. તેથી ફક્ત માનસિક દૃઢ સંકલ્પથી

(અનુ.પૃ.૩૧ ઉપર)

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## પ્રાણમય ગતિઓ

પ્રકરણ - ૩૨

(ખંડ-૨, પૃ.૧૬૩-૧૬૫)

(૧૦-૭-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** તો સાચું પ્રાણમય અસ્તિત્વનું સ્વરૂપ શું છે ?

**શ્રી અરવિન્દ :** પ્રાણનો સીધો સંબંધ જીવન સાથે છે. તમે જેને જીવનશક્તિ કહો છો તે ખરેખર પ્રાણ જ છે. તે શક્તિની બીજી ગતિવિધિઓનો સમાવેશ પ્રાણમય અસ્તિત્વમાં થાય છે. આ જીવન-શક્તિ પોતાના અસ્તિત્વને ટકાવવા સદા ઇચ્છાનું સ્વરૂપ લે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ બધા ઇચ્છાનાં જ વિવિધ સ્વરૂપો માત્ર છે.

પ્રાણમય તત્ત્વ આ છ પ્રકારનાં વિકારોની ગતિ ધારણ કરે છે તેની પાછળ એક પાયાભૂત સત્ય રહેલ છે. પણ તે બાબતમાં પ્રાણશક્તિનો ખોટો ખ્યાલ માત્ર હોય છે. પ્રાણતત્ત્વ જીવાત્માનાં સત્‌ચિત્‌-આનંદ આ ત્રિવિધ પાસાં પૈકી ચિત્‌-પાસાને પ્રગટ કરવાનું એક સાધન છે, કરણ છે, પણ અજ્ઞાન અને અણસમજણને કારણે તેણે ચિત્‌ - તત્ત્વ એટલે અશુદ્ધ પ્રકૃતિદ્વારા પ્રગટ થતી વિકારી-ચેતના એવો અર્થ લેવાથી તે સદા પોતાને તેની સેવામાં જ પ્રયોજે છે. જ્યારે તેની સમજણ વધારે સ્પષ્ટ થાય છે અને ચિત્‌-તત્ત્વનું શુદ્ધ સ્વરૂપ તેને સમજાવા લાગે છે ત્યારે તેના કાર્યમાં પણ સુધારો થાય છે. તે હવે ઇચ્છા નિર્માણ ન કરતાં સંકલ્પ નિર્માણ કરે છે. ઇચ્છા એ સંકલ્પનું વિકૃત સ્વરૂપ માત્ર છે. સંકલ્પમાં ચિત્‌-તત્ત્વને જીવનદ્વારા શુદ્ધ સ્વરૂપમાં જ પ્રગટ કરવાનો નિર્ણય હોય છે. સંકલ્પ સદા શાંત, સ્થિર અને સૌમ્ય હોય છે, જ્યારે ઇચ્છા, અશાંત,

ઉતાવળી અને ઉગ્ર હોય છે. સંકલ્પ સાચા શુદ્ધ જ્ઞાન ઉપર આધારિત હોય છે અને ઇચ્છા પ્રાણમય પ્રકૃતિના આવેગો ઉપર.

માનવ પશુઓની ઇચ્છાસ્વરૂપ ગતિઓને ઉપર ઉઠાવી મનોમય સ્તરે લાવે છે ત્યારે તે તેનું ઊર્ધ્વીકરણ કરવાનાં ભ્રમમાં રાચે છે. તેને એમ લાગે છે કે ઊર્ધ્વીકરણ એટલે શુદ્ધિકરણ. તે પ્રાણમય ઇચ્છાઓને માનસિક રૂપ આપી આદર્શો રચે છે. પ્રાણમયશક્તિ હવે આ રીતે જ માનવ ઉપર પકડ જમાવીને બેઠી છે. તે આદર્શો માટે પોતાની નિમ્નગતિઓને પણ સાચી ઠેરવે છે, જેમ સામ્યવાદના નામે હિંસાચાર, ધર્મના નામે અત્યાચાર, પ્રેમના નામે જાતીય આવેગ.

**શિષ્ય :** જાતીય આવેગ જો પ્રાણમય હોય તો શારીરિક શેને કહેવાય?

**શ્રી અરવિન્દ :** તમે શારીરિકનો અર્થ શો લો છો?

**શિષ્ય :** માનસિક અને પ્રાણમય ગતિવિધિઓથી અલગ ફક્ત શારીરિક ગતિવિધિઓ.

**શ્રી અરવિન્દ :** પણ શારીરિક પૂર્ણ રીતે ભૌતિક તો નથી જ. ભૌતિક તત્ત્વમાં પ્રાણ, મનના પ્રવેશ પછી જ આ મિશ્ર શારીરિક તત્ત્વ રચાયું છે. શરીરના દરેક શારીરિક કોષમાં પ્રાણસ્વરૂપ જીવન અને મન બન્ને છે જ. અર્થાત્ તે આપણા શરીર દ્વારા જે રીતે હાલમાં પ્રગટ થાય છે તે પ્રકારનાં નથી પણ પ્રાથમિક સ્વરૂપનાં કોષોમાં રહેલ મન જ શરીરમાં થતી યાંત્રિક રાસાયણિક પ્રક્રિયાઓને ચોક્કસાઈપૂર્વક કરે છે. તેમાં રહેલ શારીરિક-મન આ બધી જવાબદારી નિભાવે છે.

**શિષ્ય :** તેને સામાન્ય મન કહેવાય?

**શ્રી અરવિન્દ :** ઘણાખરા આવું સામાન્ય મન જ ધરાવતા દેખાય છે. તેઓ જીવન-જરૂરિયાત પૂરી કરવા સિવાય અન્ય વસ્તુ વિચારી જ શકતા નથી.

**શિષ્ય :** આવા મનને અતિમાનસિકરણ કરવા શું કરવું જોઈએ?

**શ્રી અરવિન્દ :** સાધકે પ્રથમ પોતાના સ્વરૂપનાં વિવિધ જ્ઞાત સ્તરો બાબત અને તેમનો આપસી વિનિમય-પદ્ધતિ વિષે સ્વાનુભવથી બધું જાણી લેવું

જોઈએ, જેથી પોતાની પ્રકૃતિનો તે પૂરેપૂરો જાણકાર થાય પછી મન કરતાં ઊર્ધ્વપ્રદેશમાં રહેલ આપણા હજી સુધી અજ્ઞાત સ્વરૂપની શોધ તરફ વળવું જોઈએ તેમ જ તેને નીચે રહેલા અવચેતનનો અજ્ઞાત પ્રદેશ કેવી રીતે અવરોધે છે તે સમજી લેવું જોઈએ.

**શિષ્ય :** યુરોપીયન તત્ત્વચિંતકો મન કરતાં કાંઈ વધારે ઉચ્ચ હોઈ શકે તે માનવા તૈયાર નથી. તેથી હાલની જે પ્રકૃતિ છે તેની જ બધી ક્ષમતાઓ વિકસાવી જીવનને સમૃદ્ધ કરવું એ ધ્યેય રાખે છે. તેઓ એમ પણ કહે છે કે માણસમાં પશુતા પણ રહેલી છે તેને પોતાના વિકાસમાં આડે આવવા ન દેવી જોઈએ. બર્નાડ શૉ આવા વિચારવંતોમાં મુખ્ય છે.

**શ્રી અરવિન્દ :** સત્યની શોધમાં વિવેકયુક્ત પ્રખર તર્કબુદ્ધિની જરૂર પડે જ છે. તેણે પ્રચલિત મંતવ્યો, વિચારોનાં મહોરાં ચીરીને તે પાછળની વાસ્તવિકતા જોવી જ પડશે. તે પ્રચલિત વિચારોને સ્વીકારવા તૈયાર હોતી નથી. બર્નાડ શૉ અને ફ્રાન્સનો આનાતોલ આવી વ્યક્તિઓ હતાં. માનવ ખૂબ ઉત્ક્રાંત પ્રાણી છે એવું મિથ્યાભિમાન તેમને માન્ય નથી. તેણે ઘણો વિકાસ કરવાનો છે એ ઉપર તેઓ ભાર મૂકે છે. સત્ય પ્રત્યે ઊર્ધ્વારોહણ કરવા આવી વિવેકયુક્ત તર્કબુદ્ધિ પણ પાયાની જરૂરિયાત છે. બધાં જ આદર્શોમાં તારતમ્ય તેણે રાખવું પડશે અને તે કેટલા પ્રમાણમાં સાધી શકાશે તેનો અંદાજ બાંધવો પડશે. તેને સિદ્ધ કરવાની આવશ્યક શરતોનું તેને જ્ઞાન હોવું જરૂરી છે અને તે શરતો પૂરી કરવાની શક્યતા પણ જાણવી પડશે.

**શિષ્ય :** આવી મુકેલીઓને જીતવી કઈ રીતે ?

**શ્રી અરવિન્દ :** પૂર્ણ સમતા ધારણ કરો, જેથી મન શાંત રહે. મુશ્કેલીઓથી વિચલિત ન થાઓ. પોતાના સ્વરૂપમાં અજ્ઞાનની, અપૂર્ણતાની ગતિવિધિઓને જાકારો આપો. ઊર્ધ્વમાં દેખાતા પ્રકાશમાંથી માર્ગદર્શન મેળવો અને તેને જ અનુસરો. પેલો પ્રકાશ જ મુશ્કેલીઓને નિવારશે અને ઉચ્ચત્તર શક્તિને અવતરણ કરાવશે. તેથી તમને ઉચ્ચતર સંરક્ષણ મળશે. આ ટકાવવાની શરત એ છે કે તમે તે પ્રકાશ અને શક્તિ પ્રત્યે સદા ખુલ્લા રહો. દૃઢ વિશ્વાસ અને

દિલની સચ્ચાઈથી તેને ધારણ કરી રાખો અને તે પ્રકાશમાં જ સંપૂર્ણ શ્રદ્ધા રાખો.

**શિષ્ય :** શું મુશ્કેલીઓ કસોટીરૂપે હોય છે ?

તે તમારા સ્વરૂપમાંની નબળાઈઓ, ખોટા ઘાટને દર્શાવવા અને તોડી નાખવા આવે છે અને સાચા ઘાટને મજબૂત કરવા આવે છે. સ્વરૂપને પૂર્ણતા બક્ષવી એ તેમનું લક્ષ્ય છે. તેથી તે એકરીતે જોતા કસોટીરૂપ છે તેમાંથી ફાયદો લેવો એ મહત્ત્વનું છે.

**શિષ્ય :** કોઈ યોગી કસોટીઓને જીતી લે તો તે વૈશ્વિક-ઉત્ક્રાંતિનો જય ગણાશે ?

**શ્રી અરવિન્દ :** પણ તે અધૂરો જય છે. તમારે પ્રથમ તમારી મુશ્કેલીઓ ઉપર વિજય મેળવવાનો છે. પછી તમારી આજુબાજુના લોકોની સાધનામાંની મુશ્કેલીઓ ઉપર તેમને વિજય મેળવતા શીખવવાનું છે અને અંતે, વૈશ્વિક-સમસ્યા નિર્માણ કરતી વૈશ્વિક-ઘટનાઓ ઉપર વિજય મેળવવાનો છે. તે વૈશ્વિક-ઘટનામાં પ્રભુની બાજુ લેનાર વ્યક્તિની પીઠ પાછળ પોતાની શક્તિ ઊભી કરવામાં તે સમર્થ થવો જોઈએ. આ ત્રણે કક્ષાએ જ્યારે વિજય મળે ત્યારે વિશ્વવિજય સાચો ગણાશે.

**શિષ્ય :** યોગી વિશ્વબળો ઉપર પોતે કાર્ય કરી શકે ?

**શ્રી અરવિન્દ :** હા, તે વિશ્વબળોએ સર્જેલી પરિસ્થિતિમાં નવું પરિમાણ ઉમેરીને નવી પરિસ્થિતિ રચવા ઘટનાક્રમને ફેરવી નાખી શકે છે.

**શિષ્ય :** વિશ્વબળોમાં સત્યની સભાનતા હોય છે ?

**શ્રી અરવિન્દ :** ના, તેઓ ફકત ગતિમાં મૂકેલાં બળો છે. તે પોતે ફક્ત પોતાની રીતે પરિણામદાયી થવા પ્રવૃત્ત થએલાં હોય છે. તેમની પાછળ રહેલા પ્રભુના આયોજનને, સત્યને તેઓ જાણતા હોતા નથી. ખરેખર બધાં બળો તો ભગવાનનાં છે. વ્યક્તિઓ તેના આવિર્ભાવ કેન્દ્રો માત્ર છે. વ્યક્તિ તે બાબતમાં અભાન કે સભાન હોઈ શકે છે. અભાન હોય તો તેનો ઉપયોગ તે અહંતાને પોષવામાં કરે છે, પણ તેથી તે બળોનાં કાર્યો મર્યાદિત બની જાય છે અને તેથી અપૂર્ણ પરિણામ નીપજાવે છે.

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

# ધાર્મિકતા અને તર્ક-શક્તિની મર્યાદાઓ (૪૨-૪૩)

પ્રકરણ - ૨૮

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૭૧-૭૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**કેવળ એ વિચારો સાચા હોય છે જેમના વિરોધી વિચારો પણ એમના સમય અને ઉપયોગમાં સાચા હોય. નિર્વિવાદ મતમાં સૌથી વધુ ભયંકર પ્રકારનું અસત્ય હોય છે. (૪૨)**

મૂળ સત્ય એટલું સંકુલ છે કે તેને મન ફક્ત એક વિચારમાં પ્રગટ કરી શકતું નથી. તેના દરેક પાસા માટે તેને એક-એક વિચાર રચવો પડે છે. પણ આ વિચારો તેને પોતાને પણ પરસ્પર વિરોધી લાગવા માંડે છે. તેથી એક વિચાર ખોટો જ હોય એમ ન કહી શકાય. પરિસ્થિતિ બદલાતા સાચો વિચાર ખોટો લાગવા માંડે છે અને પહેલા ખોટો લાગતો વિચાર તે પરિસ્થિતિમાં સાચો લાગે છે. તેથી સત્યને સત્ય તરીકે સ્વીકારવાનો જાણે પોતાનો ખાસ સમય ગાળો હોય છે. આવા વિચારો પરસ્પર વિરોધી લાગવા છતાં તેઓમાં પરિસ્થિતિ અનુરૂપ સત્યતા અને ઉપયોગિતા આવે છે.

જેને ચિરંતન સત્ય કહીએ જે બધી જ પરિસ્થિતિમાં સત્ય જ ગણાય એવું સત્ય મળવું મુશ્કેલ છે. જીવન બદલાતું રહેવાથી સત્યનો આવિર્ભાવ અને સમજણ પણ બદલાતા જ રહે છે.

લોકો જેને નિર્વિવાદ સત્ય કહે છે, તે તેમની ભૂલને કારણે. એક પરિસ્થિતિમાં તેમને જે સત્ય લાગ્યું તેને તે બધી જ પરિસ્થિતિમાં સત્ય માનવાની ભૂલ કરી બેસે છે.

સત્ય વિચાર દ્વારા પૂર્ણરૂપે, બધાં જ પાસાંઓમાં પ્રગટ થવું શક્ય ન હોવાથી આવી પરિસ્થિતિ સર્જાય છે. નિર્વિવાદ સત્ય જેને કહે છે તે ખરેખર તો સત્યના એક પાસાને સમગ્ર સત્ય સમજવાની ભૂલ માત્ર હોય છે.

મન દ્વારા સત્ય પૂર્ણરીતે પ્રાપ્ત થઈ શકતું જ નથી એ વાસ્તવિકતા જ છે. સત્ય જ્યારે ખરેખર પ્રગટ થાય છે ત્યારે તે પોતાના વિવિધ પાસાંઓને વિવિધતાપૂર્વક પ્રગટ કરે છે. તેમાં તે બધાં એકબીજાના પૂરક બની જાય છે. આમ જ અસીમ સનાતન સત્યને વિવિધતા દ્વારા જ પ્રગટ કરી શકાય છે.

આ જ વસ્તુ શ્રી અરવિન્દ પોતાના આગળનાં વિચાર-સૂત્રમાં (૪૩) નીચે મુજબ પ્રગટ કરે છે :

**“જેમ ધાર્મિકતા સદાચારની સૌથી ખરાબ શત્રુ છે તેમ તર્ક એ સત્યનો સૌથી ખરાબ શત્રુ છે. કારણ કે એક પોતાની ભૂલોને જોઈ શકતી નથી અને બીજો પોતાની અપૂર્ણતાઓને જોઈ શકતો નથી”** (૪૩)

તર્કમાં એક વિચાર ઉપરથી તમે બીજા વિચાર ઉપર જાઓ છો અથવા એક સ્વીકારેલા તથ્ય ઉપરથી બીજા નવા તથ્ય ઉપર જાઓ છો. પણ તર્કમાં સત્યને ચકાસવાની ક્ષમતા હોતી નથી. જો સ્વીકારેલ તથ્ય ખોટું હશે તો તેની ઉપરથી કાઢેલો નિષ્કર્ષ પણ ખોટો જ આવશે. છતાં તર્કની પદ્ધતિમાં કોઈ દોષ હોતો નથી.

સારાંશ, તર્ક સત્ય-શોધક નથી, પણ સુસંગતતાની નિર્દેશક છે. આ ઘટના સાથે પેલી ઘટના સુસંગત છે, એટલું જ તે દર્શાવે છે. તે પોતાની સુસંગતતાને કારણે જે ભૂલ થાય છે તેને પકડી શકતો નથી.

તેવું જ ધાર્મિકતા બાબત છે. ધાર્મિકતા અને સદાચારને એક જ ગણવામાં આવે છે તે ભૂલ છે. ધાર્મિકતાને ચુસ્તરીતે પાળવામાં સદાચારને ધક્કો લાગે છે અને તે સદાચારની શત્રુ બની જાય છે. ધાર્મિકતામાં બાહ્ય વર્તનને મહત્ત્વ હોય છે, આંતરિક હેતુને નહિ. જ્યારે સદાચાર તો આંતરિક શુદ્ધ હેતુનો જ બાહ્ય આવિર્ભાવ માત્ર હોય છે. ધાર્મિકતા અહંકારને પોષે છે, તો સદાચાર તેનો નાશ કરે છે. આમ, ધાર્મિકતા પણ સદાચાર વિરોધી બની જતી હોય છે.

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## સમગ્ર જીવનનું રૂપાંતર

(પુસ્તિકા પૃ.૩૧-૩૫) પ્રકરણ - ૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પૂર્ણ યોગનું કાર્યક્ષેત્ર એટલે સમગ્ર જીવન. તેથી સમગ્ર જીવનનું રૂપાંતર કરવું જરૂરી છે. રૂપાંતર એટલે સમગ્ર જીવનને, આપણા સ્વરૂપનાં બધાં જ નાનામોટાં તત્ત્વોને દિવ્ય-પ્રકૃતિનાં ઢાળમાં ઢાળીને આત્માના પૂર્ણ આવિર્ભાવ માટે સક્ષમ કરવાં. આધ્યાત્મિકતાને ભૌતિક જીવનદ્વારા પ્રગટ કરવી એ જ અધ્યાત્મની પરમગતિ અને પરમસ્થિતિ છે. તે પહેલાં આપણા મન અને પ્રાણ પૂરતા આધ્યાત્મિક બની જવા જરૂરી છે.

ઉત્ક્રાંતિ આ દિશામાં જ આગળ વધી રહી છે. જે જીવ-રૂપો આ ગતિને અનુસરશે, તે ઉત્ક્રાંત થઈ આગળ વિકાસ સાધશે. જે જીવ-રૂપો આ ગતિને નહિ અનુસરી શકે, તે કાલ બાહ્ય માનવ પ્રાણી તરીકે બીજી નિમ્ન-હરોળમાં ધકેલાઈ જશે.

આને જ ધર્મ અને આત્માના રાજ્યમાં અથવા પ્રભુના રાજ્યમાં પ્રવેશવાની ઘટના તરીકે વર્ણવે છે.

આ ઉત્ક્રાંતિની આગેકૂચ માટે એક દિવ્ય-શક્તિ, અતિમનસ શક્તિ કાર્ય કરવા લાગી છે. તે દરેક હરોળમાં અને કક્ષાએ માનવને આગળ ધપાવવા દબાણ લાવી રહી છે. માનવી પ્રકૃતિમાંના કયાં ઘટકો ત્યાગવાનાં છે, કયાં તત્ત્વો વિકસાવી તે રૂપાંતર કરવાનાં છે, તેનો નિર્ણય તે શક્તિ જ લઈ રહી છે. દા.ત. આપણી ક્ષુદ્ર કામનાને ત્યાગવામાં આવવાની છે. જ્યારે આપણા અહંકારનું

રૂપાંતર કરી તેને એક દિવ્ય-આવિર્ભાવ કેન્દ્ર તરીકે વિકસાવવાનું છે. અતિમનસ શક્તિમાંથી આવતી આંતરપ્રેરણાઓ આ બાબતનું સાધકને માર્ગદર્શન આપે છે પણ આ બધી વસ્તુઓ અને પ્રક્રિયાઓને તર્કબુદ્ધિથી સમજાવવી મુશ્કેલ છે. આમાં અનેક અગ્નિ-પરીક્ષાઓ આવશે. પણ આના સિવાય બીજો માર્ગ નથી. ''નાન્યઃ પંથઃ વિદ્યતે અયનાય'' માનવી-પ્રકૃતિને ઓળંગી જવા આના સિવાય બીજો માર્ગ નથી.

તો શું મુશ્કેલીઓ અને તેથી નિર્માણ થતાં ભયને ઘટાડવાનો કોઈ ઉપાય જ નથી ? ના, તેના ઉપાયો છે. તેના સર્વસાધારણ બે નિયમો છે : (૧) અશુદ્ધ અહંકારમાંથી, અજ્ઞાની મનમાંથી, વિકારી પ્રાણમાંથી આવતી પ્રેરણાઓને અને દલીલોનો ત્યાગ કરતા શીખવું પડશે. (૨) તેમ જ અંતરાત્માનો અવાજ, આંતરિક સદ્ગુરુનો આદેશ, મા ભગવતીની કાર્ય - પદ્ધતિ સમજતા, સ્વીકારતાં અને અનુસરતા શીખવું પડશે.

સારાંશ, જીવન આંતરિક-આલોક અને આંતરિક-પ્રેરણાઓથી સંચાલિત બનતું રહેશે, ત્યારે જ યોગસાધનાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાશે.

આવી રીતે રૂપાંતરમાં આંતરિક સ્થિતિનો તો સમાવેશ થાય છે. પણ તેની કાર્ય-પદ્ધતિનો પણ સમાવેશ થાય છે. પ્રભુને આપણા જીવનના રથનું સારથિપદ આપવું એ જ રૂપાંતર છે.

આવી રીતે આંતરિક-નિયમથી સંચાલિત જીવન એક જીવંત-યજ્ઞ બની જાય છે. મોટા જ નહિ નાના નજીવા કાર્યો પણ પ્રભુને સમર્પિત ભાવે કરવાના હોય છે. દા.ત. ન્હાવું, જમવું, સૂવું, બધું જ. દરેક વસ્તુને પ્રભુને સમર્પિત કરવી એટલે દરેક વસ્તુને દિવ્ય-જીવન જીવવામાં પ્રયોજવી અને તેની મારફત પ્રભુને પ્રગટ કરવાં. જે કાર્યો પ્રકૃતિ કરે છે તે પણ પ્રભુને સમર્પિતભાવે જ થવા જોઈએ. દા.ત. શ્વાસ લેવો, હૃદયના ધબકારા વગેરે.

આમ, દરેક કાર્ય ભાગવત-જીવનનો ભાગ બની જવું જોઈએ. તેમ કરવાથી આપણા કાર્યોનું સંચાલન બુદ્ધિ નહિ કરે, પણ અંતરાત્મા કરતો થશે. તે કાર્ય દ્વારા આત્મા પોતાનો આનંદ વ્યક્ત કરશે. આપણા આ જીવનયજ્ઞના સ્વામી પ્રભુ જ છે એ નિષ્ઠા દરેક કાર્યમાં જણાવી જોઈએ. આ માટે પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ

(અનુ.પૃ.૬ ઉપર)

## જાતક કથાઓ - માનસિંહ ચાવડા

# લાલચે જીવ લીધો

પ્રકરણ - ૩

જંગલના ઊંચા ઝાડની ટોચ ઉપર પક્ષીઓનો રાજા બેઠો હતો. તેણે હુકમ કર્યો, ''જાઓ જંગલમાંથી મળે ત્યાંથી દાણાં, બી વીણી આવો. બપોર બાદ બધાંએ દાણાં જમા કરાવવા, સાંજે બધાં સાથે ચણશું.''

બધાં પક્ષી ચારેકોર ઉપડ્યાં. એક ચકલી ઉડતી-ઉડતી જંગલમાંથી પસાર થતી સડક ઉપરથી જઈ રહી હતી. તેણે રસ્તા પર વેરાએલાં મબલખ દાણાં જોયાં. તે નીચે ઉતરી ખવાય એટલા દાણાં ખાઈ, બાકીના ચાંચમાં ભરી ઉડવા લાગી. ઉડતા-ઉડતા વિચાર કરે, ''રાજાને આ મહાન શોધ જણાવી શાબાશી મેળવીશ.'' પછી વિચાર આવ્યો, ''બધાં ચણવા ત્યાં ઉતરી પડશે તો દાણાં ખૂટી જશે, તો મારે શું કરવું ?''

તે ઉડતી જાય અને વિચાર કરતી જાય. તેને યુક્તિ જડી. તેણે આવીને રાજાને બધી વાત કરી અને ઉમેર્યું.'' પણ રાજા, ત્યાં જીવને જોખમ ઘણું છે. તેથી પક્ષી - બાંધવો ત્યાં ન જાય એ જ સારું.''

રાજાએ જાહેર કર્યું, '' ત્યાં કોઈ જશો નહિ.''

ચકલી મનમાં હરખાઈ, બીજે દિવસે ફરી તે એકલી સડક પર ગઈ. પેટ ભરીને દાણાં ખાતી હતી, પણ ધરાતી નહોતી. આઘેથી એક રથ પૂરપાટ આવતો જોયો. ચકલીને લાગ્યું, ''લાવ, થોડા વધારે દાણાં ચણી લઉં.''

ત્યાં સડેડાટ રથ આવી પહોંચ્યો અને ચકલી ઉપરથી પૈડું ફરી વળ્યું. ચકલીના પ્રાણપંખેરું ઊડી ગયા.

મોડી સાંજે પણ ચકલી ન આવી તેથી પક્ષીરાજાએ બે ત્રણ પક્ષીને સડક ઉપર તપાસ કરવા મોકલ્યા.

ખબર આવ્યા કે ચકલીને શત્રુઓએ મારી નાખી છે.

રાજા બોલ્યા, ''લાલચે જીવ લીધો.''

## વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા

## ઇન્દ્ર

પ્રકરણ - ૬

ઈન્દ્રના કાર્યથી સાધકનાં મનમાં અનેક દિવ્ય વિચારો અને ભાવોનાં મેઘાડંબર જામે છે, વાદળાંઓ ખડકાય છે. તેને વેદોમાં નભ, નભસ્ય અથવા પર્વત કહ્યાં છે. આકાશમાં વાદળાંઓનું ઘેરાવું એ અર્થમાં તે શબ્દો છે પર્વતમાં પર્વનો અર્થ 'હેલી', વર્ષાની હેલી એવો છે. અનેક દિવ્ય-પ્રેરણાઓની સાધકના ચિત્તમાં જાણે હેલી ઉપડે છે. ચિત્તનું આકાશ પ્રેરણાઓથી ગોરંભાઈ જાય છે. વેદોમાં આ ઘટનાનું પણ તાદૃશ વર્ણન જોવા મળે છે. તેવી પ્રેરણાઓની હેલી અમારા હૃદયમાં પણ ઓતપ્રોત થઈ જાઓ એવી પ્રાર્થના વેદોમાં છે (યો નઃ પૃતન્યાદપતંતમિદ્ધતં (ઋ-૧-૧૩૨-૬)

વેદમાં સાધકનાં ચિત્તમાં નિરાકાર, અસીમ ચેતનાના પ્રકાશના અરુણોદયને જ ઉષા કહે છે. પણ ઈન્દ્રને પ્રકાશમય મનને ફક્ત અરુણોદયથી સંતોષ નથી. તે તે પ્રકાશને વધારતો જ જાય છે અને ઝળહળતા પ્રકાશમાં પલટી નાખે છે. આને ઈન્દ્રે ઉષાને કચડી નાંખી એવા શબ્દોમાં વેદોમાં ઉલ્લેખ જોવા મળે છે. ઉષાને પ્રકાશની પુત્રી તરીકે વર્ણવેલ છે. દિવઃ દુહિતરમ્ (ઋ - ૪-૩૦-૯) તેને ઈન્દ્ર કચડી નાંખે છે, પીલી નાંખે છે. ઉષા સમિન્દ્રં સં પિણક્ (ઋ - ૪-૩૦-૯)

જ્યારે ઈન્દ્ર નિરાકાર ચેતનાને પ્રગટ કરે છે ત્યારે પુષન્ (સૂર્ય) તેની સાથે મિત્રતા રાખીને વર્તે છે. આ બન્નેની મિત્રતા અમારું કલ્યાણ કરો - ઈન્દ્રાનુપુષણા વયં સખ્યાય સ્વસ્તયે । હુવેમ વાજસાતયે ॥ (ઋ - ૬-૫૭-૧) આ જ તેમની મિત્રતા વૃત્રાસુરના વધ વખતે પણ દેખાય છે. સખ્યા સત્પતિયુજા ઈન્દ્રો વૃત્રાણિ જિઘ્ન તે (ઋ - ૬-૫૬-૨)

**લબઐન્દ્ર :** ઈન્દ્રની તુલના 'લબ' નામના પક્ષી સાથે ઋગ્વેદમાં (૧૦-

૧૧૯)માં કરવામાં આવી છે. આ પક્ષી સોમયાગ અને અશ્વમેઘ યજ્ઞમાં બલિ તરીકે વૈદિક કાળમાં પ્રયોજાતું. યજુર્વેદના ૨૪.૨૪ સૂક્તમાં તાંત્રિક (કૌલિકને) લબ ન મળે તો કોળું અથવા વાછરડાનો બલિ આપવો એવો ઉલ્લેખ છે. લબાનાલભતે કૌલીકાન ગોવાદિ દેવાનાં પારુષ્ણાત્ (યજુ ૨૪-૨૪) આ ભૌતિક સ્થૂળ અર્થ છે. પણ તેના સાધનાકીય અર્થો જુદા છે.

૧ લબનો અર્થ ચામાચીડિયું, જે અવાજ કરતું (લવારો કરતું) ઉડે છે. સાધનાની એક અવસ્થામાં વિવેકી પ્રકાશપૂર્ણ મન આપણામાં વારંવાર સખત ટીકા કરી આપણાં દોષો દર્શાવે છે, આ અવસ્થાને જ અવાજ કરતો ઈન્દ્ર, લબ ઐન્દ્ર કહે છે.

૨ 'લબ' એટલે આલંબન, આધાર (આલંબન શબ્દમાં 'લબ' શબ્દ છે)

આનો અર્થ ઈન્દ્રના આધારે સાધના આગળ વધારવી ઈન્દ્ર પ્રકાશમય મન છે, તેથી સાધક આંતરિક પ્રકાશમાં એકાગ્રતા ધારણ કરે તેને જ લબઐન્દ્રઃ અવસ્થા કહેવાય છે.

**વસુકઐન્દ્ર :** ઋગ્વેદના ૧૦મા મંડલન ૨૮મા સૂક્તમાં ઈન્દ્ર અને તેના પુત્ર વસુકનો સંવાદ છે. તેથી વસુકને ઐન્દ્ર કહે છે. વસુકનો અર્થ મંદપ્રકાશ એવો પણ થાય છે અને રહેનાર, નિવાસી એવો પણ થાય છે. આછા સુવર્ણમય પ્રકાશને વસુક કહે છે. ઈન્દ્ર રૂપ મન જ્યારે આછો સુવર્ણમય પ્રકાશ ધારણ કરીને 'પ્રતિભા' બને છે ત્યારે તેને વસુક કહે છે. 'ક' કનિષ્ઠતા વાચક, ઓછપ દર્શાવનાર શબ્દ છે (દા.ત. બાલ, બાલક) પ્રતિભા જ વધુ સુવર્ણમય પ્રકાશ ધારણ કરે છે અને આંતરિક શુદ્ધિ લાવે છે ત્યારે તેને 'મેઘા' કહે છે. મેઘા હજી વધુ તીવ્ર બનતા 'પ્રજ્ઞા' બને છે.

આ ઈન્દ્રના વધુ ને વધુ બળવાન થવાના ચાર તબક્કા છે.

દેવરાજ ઈન્દ્રની પત્નીનું નામ શચિ પૌલોમી હતું એવું ઋગ્વેદ (૧૦-૧૫૯) જણાવે છે. તે પુલોમ ઋષિની કન્યા હતી. 'પુલ્'નો અર્થ છે વિકસનશીલ. ઈન્દ્રની શક્તિ શચિ પૌલોમીનો અર્થ છે ઈન્દ્રમાં એવી શક્તિ છે જે શુદ્ધતાને વધારતી જ જાય છે. ઉપર જણાવેલા પ્રતિભા, મેઘા, પ્રજ્ઞા એ તેના જ એકથી એક વિકસિત તબક્કા છે. (ક્રમશઃ)

## પ્રાસંગિક

# શ્રી માતાજી આગમનદિન - દર્શનદિન

- હર્ષદ ઠકરાર

૨૪ એપ્રિલ ૧૯૨૦ના રોજ શ્રી માતાજી ફ્રાન્સ છોડી હંમેશને માટે પુદુચેરીમાં સ્થાયી થયાં. આ દિન શ્રી અરવિન્દ આશ્રમ અને જગતમાં જ્યાં જ્યાં શ્રી અરવિન્દના અનુયાયીઓ છે તે સર્વે દર્શનદિન તરીકે ઉજવે છે. દર્શનનો અર્થ સ્થૂલ દૃષ્ટિથી સમજવાનો નથી, પરંતુ જગતમાં જે કોઈ ઘટના પ્રગટ થાય છે તે ઘટના પાછળ રહેલ ચેતનાને અનુભવવી તે છે દર્શન.

શ્રી માતાજી હંમેશને માટે પુદુચેરીમાં સ્થાયી થયાં તે ઘટના પાછળ પરમ ચેતનાનો શું હેતુ છે? તે સમજવું અને તે સમજીને શ્રી માતાજીના આગમન પાછળ રહેલ પરમ ચેતનાને અનુભવવી તે જ ૨૪ એપ્રિલના દર્શનદિનની સાચા અર્થમાં ઉજવણી છે.

દર્શનને સાચા અર્થમાં કેવી રીતે અનુભવવું તે માટે વેદોએ આપણને ચાર પુરુષાર્થ આપ્યા છે : (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ. આ ચાર પુરુષાર્થ વસ્તુમાત્રના સત્યનું સારરૂપ દર્શન કરાવે છે. સાથોસાથ તે વસ્તુ માત્રની પાછળ રહેલ દિવ્ય શક્તિની પણ અનુભૂતિ કરાવી આપે છે. ચાલો, આપણે સૌ આ ચાર પુરુષાર્થ અંગે સહચિંતન કરીએ.

સૌ પ્રથમ આપણે ધર્મ વિશે સહચિંતન, સહમનન કરશું. સામાન્ય માનવ ધર્મ અને ધાર્મિકતા વચ્ચેના તફાવતને બદલે બન્ને એક જ છે તેમ સમજે છે, જે સામાન્ય ભૂલ છે. ધર્મ વિશે શ્રી માતાજી જણાવે છે :

''માનવજાતિની ચેતનાની ઊર્ધ્વ મનોમય ભૂમિકામાં ધર્મનું ઉદ્ભવસ્થાન રહેલું છે. પોતાનાથી પર રહેલ કોઈ પરમ તત્ત્વની બની શકે તેટલા સમીપ જવાનો માનવજાતિના ઊર્ધ્વ મનનો પ્રયત્ન તે ધર્મ આપણે કહી શકીએ. એ મનસાતીત તત્ત્વને માનવ 'ભગવાન', 'આત્મા', 'સત્ય', શ્રદ્ધા', 'જ્ઞાન', 'અનંત' એવા જુદાં જુદાં નામ આપે છે, પરંતુ ખરું જોતાં એ એક પ્રકારની નિરપેક્ષ સત્તા છે કે

જેને માનવ-બુદ્ધિ પહોંચી શકતી નથી, છતાં પહોંચવાનો પ્રયત્ન કરે છે. ધર્મનું આદિ મૂળ જોવા જઈએ તો તે પ્રભુપ્રેરિત હોય છે એ બનવા જોગ છે. તેના પ્રકાર સ્વરૂપમાં દિવ્ય નહીં પણ માનુષી છે.'' (પ્રશ્નો અને ઉત્તરો ૧૯૨૦-૩૦ : પૃ.૮૩) શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ ધર્મનું મૂળ દિવ્ય છે. પરંતુ હાલમાં માનવ પ્રકટ સ્વરૂપમાં જે પંથને ધર્મ કહે છે તે ધાર્મિકતા છે, જે માનુષી છે. આમ, ધાર્મિકતાએ ધર્મનું સ્થાન લઈ લીધું છે. કોઈ પણ ધર્મ કોઈ વિભૂતિના નામે અસ્તિત્વમાં આવે છે, તે દિવ્ય વિભૂતિએ એ ધર્મની રચના કરી હોતી નથી. પરંતુ તે વિભૂતિના અનુયાયીએ ધામિર્કતા રૂપે બંધારણ રચ્યું હોય છે. આ બંધારણમાં દિવ્ય વિભૂતિએ જ પરમ સત્ય અનુભવ્યું હતું. તેનો જે બોધ આપવામાં આવ્યો હતો તે બોધને અનુયાયીઓએ બંધારણરૂપે મનોમય સ્વરૂપમાં ધર્મની સ્થાપના કરી છે. આમ અનુયાયીઓ પોતે દિવ્ય બનવાને બદલે દિવ્યતાને માનુષી બનાવી આપે છે. જો વિભૂતિ આ બંધારણને જુએ તો તેને આશ્ચર્ય થાય કે પોતે આવો બોધ આપ્યો છે ? એટલે માનવે ધર્મને ધાર્મિકતારૂપ બનાવી આપ્યો છે, જેના કારણે પોતાની ધાર્મિકતા શ્રેષ્ઠ તે બાબતે માનવો વચ્ચે ઝગડાઓ શરૂ થઈ ગયા છે. વરસાદનું પાણી તો એક જ છે, પરંતુ આ પાણી તેના ઉગમ-સ્થાનેથી સમુદ્ર સુધી જુદી જુદી નદી સ્વરૂપે સમુદ્ર સુધી જાય છે. તે રીતે ધર્મનું ઉગમબિન્દુ એક જ છે, પરંતુ ધાર્મિકતા રૂપી નદી સ્વરૂપે માનવે સ્વીકારેલ છે, નદીના પાણીના મૂળ સ્વરૂપને નહીં. આમ, માનવે સાધનને (ધાર્મિકતાને) સાધ્ય (ધર્મ)નું સ્વરૂપ આપેલ છે. આ વાત સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

'પ્રભુ તેના સમગ્ર સર્જનને પોતાની જાત અર્પણ કરે છે; કોઈ પણ એક ધર્મ પ્રભુકૃપાનો ઈજારો રાખી શકે નહીં.'' (માતૃવાણી પૃ.૧૫, પૃ.૨૪ - શ્રી માતાજી)

આ રીતે શ્રી માતાજી સમજાવે છે તે મુજબ સત્ય ધર્મ એટલે માનવ દ્વારા પરમ પ્રભુની દિવ્યતાની અભિવ્યક્તિ.

દ્વિતીય પુરુષાર્થ 'અર્થ' છે, અર્થને સામાન્ય રીતે માનવ આર્થિક વ્યવસાય સાથે જોડે છે. ખરેખર અર્થનો (meaning) જીવનનો હેતુ શું છે ? તે થાય છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિને પ્રશ્ન પૂછવામાં આવે કે :

''તારે શું બનવું છે ?''

પ્રત્યુત્તરમાં તે વ્યક્તિ જણાવે છે નીચેના વ્યવસાય પૈકી કોઈપણ એક

વ્યવસાયમાં સર્વ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરવું છે. આ વ્યવસાય પછી ડૉકટરનો હોય, એન્જિનિયરનો હોય, વકીલનો હોય, ઉદ્યોગપતિનો હોય કે અન્ય કોઈ પણ પ્રકારનો હોય. જો વ્યક્તિ ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલ હોય તે સંસ્થાના વડા થવાની ઈચ્છા વ્યક્ત કરે છે. કોઈપણ વ્યક્તિ એમ નહિ જણાવશે કે ''મારે ભગવાન જોઈએ છે'' અથવા મારે ભગવાન શોધવા છે. આમ, મોટાભાગનો માનવસમાજ આર્થિક પ્રભાવની, સત્તા દ્વારા આર્થિક ઉત્પાર્જનની જ ઈચ્છા દર્શાવે છે. જીવન સામે સમજાવતા શ્રી માતાજી જણાવે છે કે :

"Life is meant for seeking the Divine.
Life is realised when finding the Divine. - The Mother
'જીવનનો હેતુ છે પ્રભુને શોધવા માટે,
જીવનની સિદ્ધિ બને છે, પ્રભુ પ્રાપ્ત થાય છે ત્યારે' - શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ જીવનનો અર્થ છે પ્રભુની શોધ અને શોધની સિદ્ધિ, તે પ્રભુની પ્રાપ્તિ, પ્રભુની પ્રાપ્તિ એટલે પ્રભુની શક્તિ દ્વારા જીવાતું જીવન. માનવ શા માટે પ્રભુની પ્રાપ્તિ કરી શકતો નથી તેનું કારણ માનવ પોતાના વ્યક્તિત્વના પ્રદર્શનમાં જીવે છે, પોતામાં રહેલ પ્રભુના અંશરૂપ પ્રભુના દર્શનમાં જીવન વિતાવતો નથી.

માનવ પોતાનામાં રહેલા આત્માના દર્શન કરી શકતો નથી. તેનું કારણ માનવને અહંકાર છે. માનવે સૌ પ્રથમ તો પોતાનો અહંકાર પરમ પ્રભુને સમર્પિત કરવાનો રહે છે. પ્રભુને અહંકાર સમર્પિત કરવો એટલે માનવનું મન, પ્રાણ અને પાર્થિવતામાંથી મુક્ત થવું અને દિવ્યતામાં પ્રવેશવું. શ્રી માતાજી સમજાવે છે તે મુજબ પૂર્ણયોગનું પ્રથમ અને અંતિમ સોપાન સમર્પણ છે.

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ જીવનનો અર્થ છે પરમ પ્રભુને સમર્પિત પ્રભુમય જીવન.

ત્રીજો પુરુષાર્થ આવે છે 'કામ'. કામને પણ માનવ અગાઉના બે પુરુષાર્થનો જે ખોટો અર્થ ધાર્મિકતા અને આર્થિક ઉદ્દેશ કહ્યો છે તે મુજબ કામના કરે છે. વેદોમાં કામને દેવસ્વરૂપ ઓળખ આપવામાં આવેલ છે. વેદો મુજબ દેવ એટલે પરમ જ્ઞાન થાય છે. કામમાં કયું દેવત્વ છે ? તો કામમાં નૂતન સર્જનશક્તિનું દેવત્વ રહેલું છે. આ નૂતન સર્જન માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ગમે તે હોય પછી તે સંગીત, ગમે તે ચિત્રકળા, સ્થાપત્ય, સાહિત્ય, ઉત્પાદન, તબીબી કે પછી અન્ય

કોઈ પણ ક્ષેત્ર હોઈ શકે. આજે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે નવી નવી શોધો આપણને પ્રાપ્ત થાય છે તે કામદેવના પ્રતાપે છે. આ શોધો વિજ્ઞાનના ક્ષેત્રમાં હોય કે કેળવણીના ક્ષેત્રમાં કે પછી જીવનના કોઈ પણ ક્ષેત્રમાં હોય છે. ૫૦ વર્ષ પહેલાના માનવનું જીવન અને આજના માનવના જીવનમાં બે વચ્ચે જે પ્રગતિ અનુભવાય છે તે કામદેવના પ્રતાપે છે. ભવિષ્યમાં માનવ જે કોઈ પણ નવી શોધો કરશે તે પણ કામદેવને પ્રતાપે જ કરશે. આ દૃષ્ટિએ કામ એ માનવની સત્ય પ્રત્યેની પ્રગતિ માટે જરૂરી છે.

ચતુર્થ પુરુષાર્થ આવે છે 'મોક્ષ'. મોક્ષ એટલે મુક્તિ. સામાન્ય રીતે માનવ મોક્ષનો અર્થ સ્વરૂપનું આ જગતને છોડી ઊર્ધ્વ ચેતનામાં સ્થિર થવું તેમ કરતો હોય છે. પરંતુ ખરેખર તો મોક્ષનો અર્થ થાય છે રૂપાંતર. કોઈપણ સ્વરૂપ હાલ જે ચેતનામાં છે તે ચેતનામાંથી મુક્ત થઈ, તે ચેતનાથી ઊર્ધ્વમાં રહેલ ચેતનામાં રહી આ જગતમાં જીવન જીવવું એ જ છે મોક્ષ આમ મોક્ષ તે ચેતનાની ઉત્ક્રાંતિ સમજાવે છે.


અચિત્‌માં ચિત્‌નો જે પ્રથમ સંચાર થયો તે જ છે મોક્ષ. મોક્ષ દ્વારા જ ચેતનાની ઉત્ક્રાંતિ અચિત્‌થી માનવ સુધી પહોંચી છે. મોક્ષ દ્વારા જ હાલ તો પશુ માનવ દિવ્યમાનવમાં રૂપાંતર પામશે. માનવ દિવ્યમાનવમાં રૂપાંતર ક્યારે પામશે ? જ્યારે માનવ શ્રી અરવિન્દે 'મા' પુસ્તકમાં સમજાવેલ ત્રણ પુરુષાર્થ અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગનું અનુશીલન કરશે ત્યારે. આ દૃષ્ટિએ મોક્ષ એટલે નિષ્ક્રયતા નહીં, પરંતુ જગતની સક્રિયતા અને ઊર્ધ્વ ચેતનામાં જીવન.

શ્રી માતાજીએ તેમના જીવન દ્વારા વેદના ચાર પુરુષાર્થ કેવી રીતે જીવવા તેનો પંથ કંડારી આપ્યો છે. આપણે આ પંથ ઉપર યાત્રા કરીએ, એ જ છે શ્રી માતાજીના આગમનની સાચી ઉજવણી.


**રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો - (લે.માનસિંહ ચાવડા)**

**શ્રીવિદ્યા** (સુધારિત આવૃત્તિ) પૃ.સંખ્યા - ૧૨૦ - કિં. ૭૫/-
(શ્રી અરવિન્દ અને તંત્રના સમન્વયાત્મક યોગનો તુલનાત્મક અભ્યાસ) તથા શ્રીવિદ્યાની પરંપરાનું વિવેચન કરતો ગ્રંથ)

**શ્રી માતાજીનાં સાક્ષાત્કારો** - પૃ.સંખ્યા - ૯૬ - કિં. ૬૫/-
(શ્રી માતાજીના વિવિધ સાક્ષાત્કારોનું મૂળ સંઘર્ભો સાથે વિવેચન કરતો ગ્રંથ)



# શ્રી અરવિંદ


The world unknowing, for the world she stood :
No helper had save the strength within,
There was no witness of terrestrial eyes;
The Gods above and Nature sole below
Were the spectators of that mighty strife.

Sri Aurobindo (Savitri - B-1, C-3, P-13)

## અનોખો મહાસંગ્રામ

ભાવાનુવાદ

સંઘર્ષ ખેડે જે જગત માટે, તે તેને ન જાણતું,
ન કોઈ મદદે હતું, કેવળ હાથવગી આત્મ-શક્તિ બની.
ન સાક્ષી મહાસંગ્રામનાં, માનવ-ચક્ષુ બની શક્યાં,
ઊર્ધ્વમાં દેવો હતાં ને નીચે કુદરત મૂક ખડી.
બન્ને જોતાં સ્તબ્ધ થઈ, આ અતિભીષણ સંગ્રામને,
પણ સહભાગી ન થયા, ન સંગ્રામ-હેતુ સમજી શક્યા.



## સપ્તર્ષિ

કશ્યપ, અત્રિ, ભરદ્વાજ ને, વિશ્વામિત્ર ગૌતમ તથા ।
જમદગ્નિ, વશિષ્ઠ ને, આ સપ્તર્ષિ જાણીતા થયા ॥
અથર્વવેદ કશ્યપ ને, સ્થાને તેના પિતા મરીચિને મૂકતો ।
બાકી યથાવત્ જણાવીને, સપ્તર્ષિ ગણાવતો ॥
પ્રભુ પ્રકાશમય ગણ્યા, પ્રકાશ-ધ્યાન પ્રભુ રૂપ બને ।
આ સાધના માર્ગ છે, દેવયાન પંથ વેદો ભણે ॥
દેવયાન પંથના પાયાના, સંશોધકો છે સાત ગણ્યા ।
તેમને જ સપ્તર્ષિ જણાવતા, એ પરંપરામાં છે વણ્યા ॥
ઋષિનો અર્થ સંશોધક ગણ્યો, સ્પષ્ટ વેદ-પુરાણે ।
તેથી આ બિરુદ અતિમહત્ત્વનું, પ્રખ્યાત વેદ કાળે ॥
બૃહદારણ્યક નવી વસ્તુ કહે, સાચો સંશોધક પ્રાણ ।
સાધના માર્ગે લઈ જતો, તેથી તે જ ઋષિવર જાણ ॥
પ્રાણતત્ત્વ ચિરંતન શોધતું, આનંદને સર્વત્ર ।
પ્રભુ સત્-ચિત્-આનંદરૂપ, તેમાં આનંદરૂપ સમર્થ ॥
સપ્તચક્રોની સપ્તશક્તિઓ, વિવિધ પ્રાણ, પ્રકાશ સ્વરૂપ ।
તે જ સપ્તર્ષિઓ ગણ્યા, અથવા સપ્તર્ચિ રૂપ ॥
અર્ચિ પ્રકાશ-કિરણ ગણ્યું, તે આત્મતત્ત્વ સ્વરૂપ ।
દેવયાન પંથે ગણાવતા, ઋષિવરો ને અવધૂત ॥
સાતે ઋષિ, વિવિધ કાર્યરૂપ, પ્રાણતત્ત્વના જાણ ।
તે માનવી શરીરે વસે, એમ યજુર્વેદ પ્રમાણ ॥


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત

Registered with the registrar of Newspaper for INDIA
No. GUJGUJ/2013/48361 Regd. No. GRJ-303 Valid upto Dec. 2014